P.07

ભાગ્યશ્રીએ ખુલાસો કર્યો; વાસ્તવિક જીવનમાં ગેંગસ્ટર સાથે કામ કર્યું




# લોક પત્રિકા

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

P.07

શિલ્પા શેટ્ટી અને તેના પતિ રાજ કુન્દ્રા મોટી મુશ્કેલીમાં ફસાયા



તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૪ અંક : ૧૫ । વિક્રમ સંવત ૨૦૮૧ : શ્રાવણ વદ ૦૬ । પાના - ૦૮ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 04 • Issue : 15 • Dt.15-08-2025 Friday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmeddabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125


જમ્મુ અને કાશ્મીર : કિશ્તવાડમાં વાદળ ફાટવાથી ૨૦ લોકોના મૃતદેહ મળી આવ્યા



07

15 AUGUST- 2025 FRIDAY



07

રશિયાનું એક મોટું પગલું । બુધવારે મેસેજિંગ એપ્સ,વોટ્સએપ-ટેલિગ્રામ કોલ પર રોક લગાવી





The Demand for Cyber Security Professionals at All-Time high across the world.

Learn from the Most Experienced Trainer and One of India's Top Ethical Hackers and Cyber Security Expert Mr. FALGUN RATHOD

www.cyberoctet.com

Cyber Octet™

Learn more than 110 Topics | Task and Research based Training | 100% Placement Assistance

+91 74053 21234


તહેવારોમાં લોકોને છેતરતા દુકાનદારો સામે સરકારની લાલ આંખ । ગેરરીતી કરતા કુલ ૧૨૬ એકમો સામે ગુન્હાઓ નોંધીને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી

# ગુજરાત રાજ્યની ૨૫ જિલ્લાની કુલ ૩૩૨ દુકાનોમાં રેડ

। પ્રતિનિધિ, અમદાવાદ,તા.૧૪ ।

જન્માષ્ટમી સહિતના તહેવારોને ધ્યાને લઈને સામૂહિક ઝુંબેશના ભાગરૂપે આજે રાજ્ય સરકારની કાનૂની માપ વિજ્ઞાન અને ગ્રાહક બાબતોની કચેરી દ્વારા રાજ્યના ૨૫ જિલ્લાની કુલ ૩૩૨ જેટલી મીઠાઈ, ફરસાણ, ડ્રાયફ્રુટ અને ગિફ્ટ વગેરેની દુકાનોમાં દરોડા પાડીને તપાસ હાથ ધરવામાં આવી હતી. આ તપાસ દરમિયાન ગેરરીતી કરતા કુલ ૧૨૬ એકમો સામે ગુન્હાઓ નોંધીને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી અને માંડવાળ ફી તરીકે તેમની પાસેથી કુલ રૂ. ૫,૯૧,૫૦૦ રકમ વસૂલ કરવામાં આવી હતી.કાનૂનીમાપ વિજ્ઞાન તંત્રના નાયબ નિયંત્રક, મદદનીશ નિયંત્રક તેમજ ઈન્સપેક્ટરો દ્વારા હાથ ધરાયેલી આ તપાસણી દરમિયાન વજનમાં ઓછું આપીને ગ્રાહકને છેતરવો, વજન કાંટાનું ફેરચકાસણી, મુદ્રાંકન ન કરાવવુ, ખરાઈ પ્રમાણપત્ર પ્રદર્શીત ન કરવુ, પેકર રજીસ્ટ્રેશન ન કરવું વગેરે જેવી ગેરરીતિઓ સામે આવી હતી. આ અંગે વધુ તપાસની કાર્યવાહી હાલમાં ચાલુ છે.અત્રે નોંધનીય છે કે, જન્માષ્ટમીના તહેવાર દરમિયાન ગ્રાહકો મીઠાઈ, ફરસાણ, ડ્રાયફ્રુટસ તેમજ ગીફ્ટ સહિતની અન્ય વસ્તુઓની ખરીદી કરતા હોય છે. જેમાં ઘણી વખત ગ્રાહકોને ખરીદી દરમિયાન વજનમાં છેતરવામાં આવતા હોય છે. રાજ્યના નાગરીકો આવા કોઈ બનાવનો ભોગ ન બને અને ગ્રાહકો પણ પોતાના અધિકારોથી જાગૃત થાય તે કાનૂની માપ વિજ્ઞાન તંત્રનો મૂળ ઉદ્દેશ્ય છે. એટલા માટે જ, આજે કાનૂની માપ વિજ્ઞાન તંત્ર દ્વારા સમગ્ર રાજ્યની વિવિધ મીઠાઈ, ફરસાણ, ડ્રાયફ્રુટસ અને ગિફ્ટ શોપ વગેરે પર તંત્રના કાયદા-નિયમોની જોગવાઈઓનું પાલન થાય તે માટે રાજ્યવ્યાપી ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી.

## માંડવાળ ફી તરીકે તેમની પાસેથી કુલ રૂ. ૫,૯૧,૫૦૦ રકમ વસૂલ કરવામાં આવી



જન્માષ્ટમીના તહેવાર દરમિયાન ગ્રાહકો મીઠાઇ, ફરસાણ, ડ્રાયફ્રુટસ તેમજ ગીફ્ટ સહિતની અન્ય વસ્તુઓની ખરીદી કરતા હોય છે. જેમાં ઘણી વખત ગ્રાહકોને ખરીદી દરમિયાન વજનમાં છેતરવામાં આવતા હોય છે. રાજ્યના નાગરીકો આવા કોઈ બનાવનો ભોગ ન બને અને ગ્રાહકો પણ પોતાના અધિકારોથી જાગૃત થાય તે કાનૂની માપ વિજ્ઞાન તંત્રનો મૂળ ઉદ્દેશ્ય છે. એટલા માટે જ, આજે કાનૂની માપ વિજ્ઞાન તંત્ર દ્વારા સમગ્ર રાજ્યની વિવિધ મીઠાઇ, ફરસાણ, ડ્રાયફ્રુટસ અને ગિફ્ટ શોપ વગેરે પર તંત્રના કાયદા-નિયમોની જોગવાઇઓનું પાલન થાય તે માટે રાજ્યવ્યાપી ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. જન્માષ્ટમી સહિતના તહેવારોને ધ્યાને લઈને સામૂહિક ઝુંબેશના ભાગરૂપે આજે રાજ્ય સરકારની કાનૂની માપ વિજ્ઞાન અને ગ્રાહક બાબતોની કચેરી દ્વારા રાજ્યના ૨૫ જિલ્લાની કુલ ૩૩૨ જેટલી મીઠાઇ, ફરસાણ, ડ્રાયફ્રુટ અને ગિફ્ટ વગેરેની દુકાનોમાં દરોડા પાડીને તપાસ હાથ ધરવામાં આવી હતી. આ તપાસ દરમિયાન ગેરરીતી કરતા કુલ ૧૨૬ એકમો સામે ગુન્હાઓ નોંધીને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી અને માંડવાળ ફી તરીકે તેમની પાસેથી કુલ રૂ. ૫,૯૧,૫૦૦ રકમ વસૂલ કરવામાં આવી હતી..કાનૂનીમાપ વિજ્ઞાન તંત્રના નાયબ નિયંત્રક, મદદનીશ નિયંત્રક તેમજ ઇન્સપેક્ટરો દ્વારા હાથ ધરાયેલી આ તપાસણી દરમિયાન વજનમાં ઓછું આપીને ગ્રાહકને છેતરવો, વજન કાંટાનું ફેરચકાસણી, મુદ્રાંકન ન કરાવવુ, ખરાઇ પ્રમાણપત્ર પ્રદર્શીત ન કરવુ, પેકર રજીસ્ટ્રેશન ન કરવું વગેરે જેવી ગેરરીતિઓ સામે આવી હતી. આ અંગે વધુ તપાસની કાર્યવાહી હાલમાં ચાલુ છે.

ગુજરાતના ૨૧ પોલીસ અધિકારીઓને તેમની

## અસાધારણ સેવા અને બહાદુરી માટે પ્રતિષ્ઠિત એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા




યાદીમાં પીયૂષ પટેલ, મુકેશ સોલંકી, શરદ સિંઘલ, રાકેશ બારોટ, બાબુભાઈ દેસાઈ, મહાવીરસિંહ વાઘેલા, કમલેશ પાટીલ, મિલિન્દ સૂરવે અને કોન્સ્ટેબલ રમેશ ત્રિપાઠી સહિતના અધિકારીઓનો સમાવેશ

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૪ ।

ભારત સરકાર દ્વારા સ્વાતંત્ર્ય દિવસ ૨૦૨૫ નિમિત્તે રાષ્ટ્રપતિ પોલીસ મેડલ (રાષ્ટ્રપતિ ચંદ્રક એવોર્ડ)ની જાહેરાત કરવામાં આવી છે. આ વખતે ગુજરાતના ૨૧ પોલીસ અધિકારીઓને તેમની અસાધારણ સેવા અને બહાદુરી માટે આ પ્રતિષ્ઠિત એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે. આ યાદીમાં પીયૂષ પટેલ, મુકેશ સોલંકી, શરદ સિંઘલ, રાકેશ બારોટ, બાબુભાઈ દેસાઈ, મહાવીરસિંહ વાઘેલા, ભુપેન્દ્રકુમાર દવે, કમલેશ પાટીલ, મિલિન્દ સૂરવે અને કોન્સ્ટેબલ રમેશ ત્રિપાઠી સહિતના અધિકારીઓનો સમાવેશ થાય છે.રાષ્ટ્રપતિ પોલીસ મેડલ એ ભારતનો એક ઉચ્ચ સ્તરીય નાગરિક સન્માન છે, જે પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓને તેમની વિશિષ્ટ સેવા અથવા પ્રશંસનીય સેવા માટે આપવામાં આવે છે. આ એવોર્ડ દેશની સુરક્ષા, કાયદો અને વ્યવસ્થા જાળવવામાં અધિકારીઓના ઉત્કૃષ્ટ યોગદાનને બિરદાવે છે. સામાન્ય રીતે આ એવોર્ડની જાહેરાત ગણતંત્ર દિવસ (૨૬ જાન્યુઆરી) અને સ્વાતંત્ર્ય દિવસ (૧૫ ઓગસ્ટ) નિમિત્તે કરવામાં આવે છે.આ વર્ષે ગુજરાત પોલીસના ૨૧ અધિકારીઓએ આ એવોર્ડ હાંસલ કરીને રાજ્યનું ગૌરવ વધાર્યું છે. આ અધિકારીઓએ ગુનાખોરી નિયંત્રણ, આંતરરાષ્ટ્રીય અને આંતરરાજ્ય ગુનાઓની તપાસ, આતંકવાદ વિરોધી કામગીરી, અને જનસેવામાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે.પીયૂષ પટેલે ગુજરાતના એક વરિષ્ઠ પોલીસ અધિકારી તરીકે, પટેલે ગંભીર ગુનાઓની તપાસમાં મહત્વની ભૂમિકા ભજવી છે. તેમની નેતૃત્વ ક્ષમતા અને ઝીણવટભરી તપાસથી અનેક જટિલ કેસો ઉકેલાયા છે.મુકેશ સોલંકીએ આંતરરાજ્ય ગુનાખોરી અને ડ્રગ ટ્રાફિકિંગ સામેની લડાઈમાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે. તેમની ટીમે મોટા પાયે ગેરકાયદેસર પ્રવૃત્તિઓનો પર્દાફાશ કર્યો છે.શરદ સિંઘલે સાયબર ક્રાઈમ અને ડિજિટલ તપાસના ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ કામગીરી કરી છે, જેના કારણે ગુજરાતમાં સાયબર સુરક્ષા મજબૂત બની છે.રાકેશ બારોટે સામાજિક અસ્થિરતા અને રમખાણોને નિયંત્રિત કરવામાં મહત્વની ભૂમિકા ભજવી છે, જેના કારણે શાંતિ જાળવવામાં સફળતા મળી.બાબુભાઈ દેસાઈએ ગ્રામીણ વિસ્તારોમાં કાયદો અને વ્યવસ્થા જાળવવામાં ઉલ્લેખનીય કામગીરી કરી છે.

સાધનોની ખરીદીને લગતું મસમોટું કૌભાંડ સામે આવ્યું

કૌભાંડમાં ફાયર વિભાગના અધિકારીઓ દ્વારા બજાર ભાવ કરતાં અનેક ગણી ઊંચી કિંમતે સાધનોની ખરીદી કરવામાં આવી હોવાનો ઘટસ્ફોટ થયો

## વડોદરા ફાયર વિભાગ કૌભાંડ, ૩.૧૭ કરોડની ગેરરીતિનો પર્દાફાશ । ત્રણ અધિકારીઓ સસ્પેન્ડ

। પ્રતિનિધિ, વડોદરા,તા.૧૪ ।

વડોદરા શહેરના ફાયર બ્રિગેડ વિભાગમાં સાધનોની ખરીદીને લગતું મસમોટું કૌભાંડ સામે આવ્યું છે, જેના કારણે રાજ્યભરમાં ચકચાર મચી ગઈ છે. આ કૌભાંડમાં ફાયર વિભાગના અધિકારીઓ દ્વારા બજાર ભાવ કરતાં અનેક ગણી ઊંચી કિંમતે સાધનોની ખરીદી કરવામાં આવી હોવાનો ઘટસ્ફોટ થયો છે. આ ગંભીર ગેરરીતિના પરિણામે ત્રણ ઉચ્ચ અધિકારીઓને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે, અને મામલાની ઊંડાણપૂર્વક તપાસ માટે એન્ટી-



કરપ્શન બ્યુરોની સંભવિત ભૂમિકાની ચર્ચા ચાલી રહી છે.વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના ફાયર બ્રિગેડ વિભાગે આગની ઘટનાઓને નિયંત્રણમાં લેવા અદ્યતન ટેકનોલોજીથી સજ્જ સાધનોની ખરીદી માટે કરોડો રૂપિયાનું બજેટ ફાળવ્યું હતું. જોકે, જ્યારે આ સાધનોની ખરીદીના બિલ મંજૂરી માટે મોકલવામાં આવ્યા, ત્યારે તેમની અસાધારણ ઊંચી કિંમતે શંકા ઉભી થઈ. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું કે આ સાધનો બજાર ભાવ કરતાં અનેક ગણા વધુ ખર્ચે, એટલે કે ૩.૧૭ કરોડ રૂપિયાના ખર્ચે ખરીદવામાં આવ્યા હતા.મ્યુનિસિપલ કમિશનરે આ મામલે તાત્કાલિક એક ખાસ તપાસ ટીમની રચના કરી, જેણે ઝીણવટભરી તપાસ હાથ ધરી. તપાસમાં ચોંકાવનારી હકીકત સામે આવી કે ફાયર વિભાગના ઉચ્ચ અધિકારીઓએ જ ખરીદી પ્રક્રિયામાં ગેરરીતિ આચરી હતી.

૭૯માં સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે

## ગુજરાત રાજ્યના નાગરિકોને રાષ્ટ્ર હિત પ્રથમનો ભાવ હરહંમેશ હૈયે રાખવાનું મુખ્યમંત્રીનું આહ્વાન

આઝાદીના સાડા સાત દાયકાથી વધુ સમય પૂર્ણ કરીને ભારત સ્વતંત્રતાની શતાબ્દી તરફ તેજ ગતિએ આગળ વધી રહ્યો છે । આતંકવાદ કે દેશની સુરક્ષા-સલામતિ સામેનો કોઈ કાંકરીચાળો ભારતમાં ચાલશે નહીં

। પ્રતિનિધિ, ગાંધીનગર,તા.૧૪ ।

આઝાદીના સાડા સાત દાયકાથી વધુ સમય પૂર્ણ કરીને ભારત સ્વતંત્રતાની શતાબ્દી તરફ તેજ ગતિએ આગળ વધી રહ્યો છે.આતંકવાદ કે દેશની સુરક્ષા-સલામતિ સામેનો કોઈ કાંકરીચાળો ભારતમાં ચાલશે નહીં, એવો સાફ સંકેત વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દુનિયાને આપ્યો છે. ગુજરાતમાં આપણે ગામે-ગામ અને નગરો-શહેરોમાં હર ઘર તિરંગા અભિયાનથી જનજનમાં રાષ્ટ્રહિત પ્રબળ બનાવ્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે દેશના ૭૯માં સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે રાજ્યની જનતાને શુભેચ્છાઓ પાઠવી હતી. મુખ્યમંત્રીએ સ્વાતંત્ર્ય પર્વની પૂર્વ-સંધ્યાએ ગુજરાતના નાગરિકોને રાષ્ટ્ર હિત પ્રથમનો ભાવ હરહંમેશ હૈયે રાખવાનું આહ્વાન કરતો

### શિક્ષણને પ્રોત્સાહન આપવા નમો લક્ષ્મી અને નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના શરૂ કરી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના દિશાદર્શનમાં સૌના કલ્યાણ, સૌના વિકાસ અને સૌની સુખ-સમૃદ્ધિની નેમ રાખી છે.આપણે વિકાસના લાભ છેવાડાના, અંત્યોદય, ગરીબ માનવી સુધી ૧૦૦ ટકા પહોંચે તે સેચ્યુરેશન એપ્રોચથી સુનિશ્ચિત કર્યું છે.સાથો સાથ આહાર, આરોગ્ય, અભ્યાસ અને આર્થિક આધાર પણ સૌને મળે તેવી અનેક જનકલ્યાણ યોજનાઓ-નિર્ણયો કર્યા છે. એટલું જ નહિ, રાજ્યની ઉજ્જવળ આવતીકાલ માટે દીકરીઓના અને વિજ્ઞાન પ્રવાહના શિક્ષણને પ્રોત્સાહન આપવા નમો લક્ષ્મી અને નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના શરૂ કરી છે.

પ્રજાજોગ સંદેશ પાઠવ્યો છે.આઝાદીના સાડા સાત દાયકાથી વધુ સમય પૂર્ણ કરીને ભારત દેશ સ્વતંત્રતાની શતાબ્દી તરફ તેજ ગતિએ આગળ વધી રહ્યો છે. આજે ભારત દેશ વિકાસની હરણફાળ ભરીને વિશ્વની મહાસત્તાઓમાં સ્થાન પામવા માટે સક્ષમ બન્યો છે, તેમ જણાવી મુખ્યમંત્રીએ આઝાદીનું વટવૃક્ષ સિંચનારા દેશના ક્રાંતિવીરો, સ્વાતંત્ર્ય સેનાનીઓ અને રાષ્ટ્ર પુરુષોના ત્યાગ, તપસ્યા અને બલિદાનને બિરદાવ્યા હતા. ગુજરાત રાજ્ય ઈન્સ્ટિટ્યુશન ફોર ટ્રાન્સફોર્મેશન-ગ્રિટની રચના કરી છે.

બોર્ડની મુદત પૂર્ણ

સુરત જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ, સતત વિવાદોના વંટોળમાં ફસાઈ રહી છે

## સુમુલ ડેરી બની રાજકીય અખાડો । ૭૫ વર્ષમાં પ્રથમ વખત કસ્ટોડિયનની નિમણૂક

। પ્રતિનિધિ, સુરત, તા.૧૪ ।

ગુજરાતની અગ્રણી સહકારી સંસ્થાઓમાંની એક, સુરત જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ, સતત વિવાદોના વંટોળમાં ફસાઈ રહી છે. બે જૂથો વચ્ચેની આંતરિક લડાઈઓ અને વહીવટી અનિયમિતતાઓના આરોપોને કારણે રાજ્યના સહકાર વિભાગે મહત્વનો નિર્ણય લીધો છે. સુમુલ ડેરીના ૭૫ વર્ષના ઈતિહાસમાં પ્રથમ વખત, તમામ ડિરેક્ટરોને દૂર કરીને જોઈન્ટ રજિસ્ટ્રાર એચ.આર. પટેલની કસ્ટોડિયન તરીકે નિમણૂક કરવામાં આવી છે. આ નિમણૂક સુમુલના અમૃત મહોત્સવની ઉજવણી દરમિયાન કરવામાં આવી છે, અને એચ.આર. પટેલે કસ્ટોડિયન તરીકેનો ચાર્જ સ્વીકારી લીધો છે.

સુમુલ ડેરી, જે દૈનિક આશરે ૧૪ લાખ




લિટર દૂધની આવક ધરાવે છે, તે સુરત અને તાપી જિલ્લાના હજારો ખેડૂતો અને પશુપાલકોની આજીવિકાનો આધારસ્તંભ છે. જોકે, તાજેતરના વર્ષોમાં ડેરીમાં નાણાકીય ગેરરીતિઓ, દૂધની ખરીદીમાં ગેરકાયદેસર પ્રવૃત્તિઓ, અને વહીવટી નિર્ણયોમાં અનિયમિતતાઓના આરોપો ઉઠ્યા છે. આ વિવાદોના કારણે ડેરીની પ્રતિષ્ઠા અને સહકારી ક્ષેત્રની વિશ્વસનીયતા પર અસર થઈ છે. ખાસ કરીને, બે જૂથો વચ્ચેની લડાઈએ સંસ્થાના સંચાલનને ખોરવી નાખ્યું છે, જેના પરિણામે રાજ્ય સરકારે આ કડક પગલું ભરવું પડ્યું. સુમુલ ડેરીના બોર્ડની મુદત, જે ૨૦૨૦થી ૨૦૨૫ સુધીની હતી, ૯ ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ સમાપ્ત થઈ. નવા બોર્ડની ચૂંટણી માટેની દરખાસ્ત જિલ્લા કલેક્ટરને મોકલવામાં વિલંબ થયો છે, જેના કારણે ચૂંટણી પ્રક્રિયા અટકી પડી છે. આ સ્થિતિમાં, રાજ્યના સહકાર વિભાગે સુમુલના સંચાલનને સ્થિર કરવા અને પારદર્શકતા સુનિશ્ચિત કરવા માટે કસ્ટોડિયનની નિમણૂકનો નિર્ણય લીધો. આ નિર્ણયને આગામી ચૂંટણીઓને લઈને મહત્વનો ગણવામાં આવે છે, જે ડેરીના ભાવિ વહીવટને આકાર આપશે.

જોઈન્ટ રજિસ્ટ્રાર એચ.આર. પટેલ, જેમને કસ્ટોડિયન તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે, તેમની પાસે સહકારી ક્ષેત્રનો લાંબો અનુભવ છે. તેમની નિમણૂકનો હેતુ ડેરીના રોજિંદા કામકાજને સરળ બનાવવા, નાણાકીય પારદર્શકતા સુનિશ્ચિત કરવા, અને ચૂંટણી પ્રક્રિયાને ઝડપથી પૂર્ણ કરવાનો છે.

૧૯૫૧માં સ્થપાયેલી સુમુલ ડેરી ગુજરાતના સહકારી દૂધ ઉત્પાદન ક્ષેત્રમાં મહત્વનું નામ છે. દૈનિક ૧૪ લાખ લિટર દૂધની આવક સાથે, આ સંસ્થા લાખો ખેડૂતોને આર્થિક સ્થિરતા પૂરી પાડે છે. ડેરીના ઉત્પાદનો, જેમાં દૂધ, દહીં, ઘી, આઈસ્ક્રીમ અને અન્ય ડેરી ઉત્પાદનોનો સમાવેશ થાય છે,

### લોક પત્રિકા

## અંક બંધ

આજે તા.૧૫ ઓગસ્ટ ૨૦૨૫ને સ્વતંત્રતા દિવસ અને તા.૧૬ ઓગસ્ટનારોજજન્માષ્ટમીનાપર્વનિમિત્તેલોકપત્રિકાકાર્યાલયસંપૂર્ણરજા પાળશે. એટલે તા.૧૬ અને ૧૭ ઓગસ્ટ શનિ અને રવિવારના રોજ લોક પત્રિકાનો અંક પ્રકાશિત થશે નહીં. તા.૧૮ ઓગસ્ટ ૨૦૨૫ને સોમવારથી લોક પત્રિકા દૈનિક રાબેતા મુજબ પ્રકાશિત થશે, જેની તમામ વાચકમિત્રો, વિતરક ભાઈઓ, એજન્ટબંધુઓ તેમજ વિજ્ઞાપનદાતાઓએ નોંધ લેવી.

-વ્યવસ્થાપક

મગફળીનો પાક બચાવવા મથામણ

## અમરેલીમાં ખેડૂતો વરસાદ અને વીજળીના સંકટમાં ઘેરાયા

**સાવરકુંડલા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં ચોમાસાની સીઝન માટે ઉત્સાહપૂર્વક મગફળી, કપાસ, સોયાબીન અને ડુંગળી જેવા પાકોનું વાવેતર કરનાર ખેડૂતો હાલ ચિંતા અને નિરાશામાં**

। પ્રતિનિધિ, અમરેલી,તા.૧૪ ।

અમરેલી જિલ્લામાં ઘણા સમયથી વરસાદ ન પડવાને કારણે ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે. ખાસ કરીને સાવરકુંડલા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં ચોમાસાની સીઝન માટે ઉત્સાહપૂર્વક મગફળી, કપાસ, સોયાબીન અને ડુંગળી જેવા પાકોનું વાવેતર કરનાર ખેડૂતો હાલ ચિંતા અને નિરાશામાં મુકાયા છે. વરસાદ લાંબા સમયથી ખેંચાઈ રહ્યો છે, જેના કારણે પાકોને સમયસર પાણી મળી રહ્યું નથી.સાવરકુંડલા તાલુકાના ખડસલી ગામના ખેડૂત ચેતનભાઈ માલાણી જણાવે છે કે તેમણે ૩૦ વીઘા જમીનમાં મગફળીનું વાવેતર કર્યું છે, પરંતુ વીજળીની અનિયમિત સપ્લાયને કારણે પાકને યોગ્ય સમયે પિયત આપી શકાતું નથી. વરસાદ શરૂ થયા પછી સારો માહોલ રહ્યો, પરંતુ સૂયા બેસવાના સમયે વરસાદ ખેંચાઈ જતાં પાક પર ખરાબ અસર પડી છે. પાણીનો અભાવ અને અનિયમિત વીજળીના કારણે મગફળી અને કપાસના છોડ સુકાઈ જવાના ભયથી ખેડૂતોમાં ચિંતા વધી રહી છે. પિયાવા ગામના ખેડૂત ચિરાગભાઈ હિરપરા જણાવે છે કે તેમણે ૧૦ વીઘામાં મગફળીનું વાવેતર કર્યું છે. ચોમાસાની શરૂઆત સારી હોવાથી ખેડૂતોમાં આશા જાગી હતી અને મગફળી, સોયાબીન, કપાસ અને ડુંગળીનું મોટા પ્રમાણમાં વાવેતર થયું હતું. પરંતુ



છેલ્લા ૩૦ થી ૪૦ દિવસથી વરસાદ ખૂબ ઓછો થયો છે. લાંબા સમયથી વરસાદ ખેંચાઈ જતાં પાક સુકાઈ જવાની સ્થિતિમાં છે અને ખેડૂતો ચિંતિત છે.ચરાગભાઈ કહે છે કે સાવરકુંડલા તાલુકાના મોટા ભાગના લોકો ખેતી સાથે સંકળાયેલા છે. અહીંનો મોટો વિસ્તાર દરિયાકાંઠા નજીક હોવાથી ખારો ગણાય છે. આ વિસ્તારની સિંચાઈ માટે 'સૌની યોજના' અંતર્ગત પાણીની મોટી આશા હતી, પરંતુ આજ સુધી કોઈ ચેક ડેમમાં સૌની યોજનાનું પાણી પહોંચ્યું નથી. જો સમયસર પાણી છોડવામાં આવે તો ખેડૂતોને પાક બચાવવા માટે મોટી રાહત મળશે. ખેડૂતોનું માનવું છે કે હાલ તાત્કાલિક પાણી વ્યવસ્થા શક્ય ન હોય, પરંતુ આવતા વર્ષોને ધ્યાનમાં રાખીને સૌની યોજના દ્વારા સાવરકુંડલા તાલુકાના તમામ ચેક ડેમોમાં પાણી ભરવાની યોજના અમલમાં મૂકવી જોઈએ. આ પગલું લેવાય તો આગળના સમયમાં ખેડૂતો પાકના ઉત્પાદન સાથે હરિયાળી ક્રાંતિ લાવી શકે.

## ભુજમાં પરિણીતાએ કેનાલમાં ઝંપલાવી કર્યો આપઘાત

। પ્રતિનિધિ, ભુજ,તા.૧૪ ।

૩૩ વર્ષીય જયશ્રી માતંગ નામની પરણીતા દ્વારા કચ્છ જિલ્લાના મુન્દ્રા ખાતે આવેલ નર્મદા કેનાલમાં ગત ૧૧ ઓગસ્ટ ૨૦૨૫ ના રોજ ઝંપલાવી આત્મહત્યા કરી હોવાનું સામે આવ્યું છે. ત્યારે સમગ્ર મામલે મૃતકના ૩૬ વર્ષીય પ્રાઈવેટ નોકરી કરનારા પતિ ખીમજી માતંગ દ્વારા મુન્દ્રા પોલીસ સ્ટેશન ખાતે બીએનએસ ની કલમ ૧૦૮ મુજબ પોતાના જ ગામના વતની ૪૦ વર્ષીય અરવિંદ પૂજા મહેશ્વરી વિરુદ્ધ ગુનો નોંધાવવામાં આવ્યો છે. પોલીસને આપેલી ફરિયાદમાં ખીમજી માતંગ દ્વારા જણાવવામાં આવ્યું છે કે, આરોપી દ્વારા તેની પત્નીને પોતાની સાથે સંબંધ રાખવા તેમ જ મારી સાથે સંબંધ તોડી નાખવા માટે અવારનવાર દબાણ કરવામાં આવતું હતું.

## સુરતમાં સામૂહિક આપઘાતના પ્રયાસની ઘટના સામે આવી

। પ્રતિનિધિ, સુરત, તા.૧૪ ।

સુરતમાં સામૂહિક આપઘાતના પ્રયાસની ચોંકાવનારી ઘટના સામે આવી છે. સુરત રેલવે સ્ટેશન પર બે બાળકો સાથે માતા માલગાડી ટ્રેન આગળ સૂઈ ગઈ હતી. જોકે, ટ્રેનની અડફેટે આવતા મહિલાનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે બંને બાળકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. હાલ બાળકોને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. મળતી માહિતી અનુસાર, મંગળવારે (૧૨ ઓગસ્ટ) ૨૭ વર્ષીય મહિલા બે બાળકો ૩ વર્ષીય પુત્ર અને ૫ વર્ષીય પુત્રી સાથે બપોરે ૧૨ વાગ્યે સુરત રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર ૨ની આગળ પહોંચી હતી. આ દરમિયાન એક માલગાડી પસાર થતા ટ્રેન આગળ મહિલા બાળકો સાથે સૂઈ ગઈ હતી. ટ્રેનની અડફેટે આવતા મહિલાના શરીરના બે ટુકડાં થઈ ગયાં હતાં. જ્યારે બંને બાળકોને ઈજાગ્રસ્ત હાલતમાં સારવાર માટે ૧૦૮ દ્વારા સ્મીમેર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

## સુરતમાં બોગસ આંગડિયા પેઢી ઊભી કરી રૂ.૫૧ લાખની ઠગાઈ

। પ્રતિનિધિ, સુરત, તા.૧૪ ।

સુરતના સરથાણા વિસ્તારમાં વેપારી સાથે ૫૧ લાખની છેતરપિંડીનો બનાવ બન્યો છે. ત્રણ આરોપીઓએ વેપારીને RTGSથી આંગડિયા પેઢીમાં પૈસા ટ્રાન્સફર કરી આપવાના બહાને પૈસા પડાવી લીધા બાદ પરત નહીં આપી ચુનો ચોપડ્યો હતો. સરથાણા પોલીસે આરોપીઓને ઝડપી પાડીને તેમની પાસેથી ૧૨.૫૦ લાખ રૂપિયા પણ કબજે કર્યા છે. ત્રણેય આરોપીઓએ છેતરપિંડી આચરવા માટે બોગસ આંગડિયા પેઢી ઊભી કરી હતી.મોટા વરાછામાં રહેતા દિનેશ તુલસીભાઈ કુકડીયાને ૬ ઓગસ્ટથી ૭ ઓગસ્ટ દરમિયાન સરથાણા જકાતનાકા પાસે રોયલ આર્કેડમાં આવેલી દુકાનમાં કિશોરભાઈ ઘોડાદરા (રહે, કતારગામ), ભરતભાઈ પટેલ અને કિરીટ ઉર્ફે કે.કે.પટેલે એજન્ટ તરીકે કમિશનની દલાલી પેટે પૈસા RTGSથી ટ્રાન્સફર કરી આપવાની લાલચ આપી હતી. વેપારીની પાસેથી ઈ઼્ય્જીના ૫૦ લાખ અને કમિશન પેટે ૧ લાખ મળી કુલ રૂપિયા ૫૧ લાખ લીધા બાદ પૈસા ઈ઼્ય્જી નહીં કરી કે પરત નહીં આપી તેમની સાથે છેતરપિંડી કરી હતી.બોગસ આંગડિયા પેઢી ઊભી કરીને ત્યાં વેપારીને બોલાવવામાં આવ્યો હતો અને ત્યારબાદ ચા પીવાના બહાને ત્રણેય આરોપીઓ ફરાર થઈ ગયા હતા. સરથાણા પોલીસે દિનેશભાઈની ફરિયાદ લઈ ત્રણેય સામે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી ત્રણેય આરોપીઓને ઝડપી પાડ્યા છે.

ડાયરાના કલાકાર દેવાયત ખવડ ફરી વિવાદમાં આવી ગયા

## દેવાયત ખવડના વિવાદમાં મેઘરાજસિંહ ગોહિલની એન્ટ્રી । ખુલ્લો પડકાર ફેંકીને આપી ધમકી

। પ્રતિનિધિ, અમદાવાદ,તા.૧૪ ।

ડાયરાના કલાકાર દેવાયત ખવડ ફરી વિવાદમાં આવી ગયા છે. સનાથલના ધ્રુવરાજસિંહને માર મારવાની ઘટના બાદ દેવાયત ખવડ ગાયબ છે. ત્યારે હવે આ કેસમાં મેઘરાજસિંહ ગોહિલ નામના શખ્સની એન્ટ્રી થઈ છે, જેણે દેવાયત ખવડને ખુલ્લો પડકાર ફેંક્યો છે અને મારી નાંખવા સુધીની ધમકી આપી છે. મેઘરાજસિંહ ઈન્સ્ટાગ્રામ પર એક વીડિયો શેર કર્યો છે. જેમાં તે દેવાયત શબ્દોને આકરા શબ્દોમાં પડકાર આપી રહ્યો છે કે, આજે જુનાગઢમાં દેવાયત ખવડે છોકરાઓ જોડે બાજયો છે એના વિશે હું તમને કહેવા માંગુ, જે દેવાયતની સનાથલમાં પત્તર ઠોકી હતી એ હું પોતે... બીજી વાત અત્યારે એને ઓલા



છોકરાને ધ્રુવને, ૨૦ વર્ષનો છોકરો એને કઈ ખબર પડે નહિ એની ઉપર હાથ ચાલાકી કરીને દેવાયત એમ કે, હું મરદ છું. અલ્યા ફા.... તારા જેવો કોઈ ફા.... તે છોકરા ઉપર હાથ ઉપાડ્યો ? મરદ માણસ હોય તો રામભાઈ પાસે આય. મારી સામે આય. તો મેઘરાજ સિંહે બીજો પણ વીડિયો શેર કર્યો છે. તેમાં તે કહી રહ્યો છે કે, હમણાં વીડિયો મૂક્યો અને આ બીજો વીડિયો જોઈ લેજો. એમ કઈ ફાંકા ફોજદારી નહીં.૧૨-૧૫ લોકોને લઈ છોકરાને મારવા નીકળ્યા છો. સમજો છો શું તમારા મનમાં ? સામી છાતીએ આવી જાવ, લોકેશન આપું, ફોન કરી બોલાવો. ખબર પડે કે કોણ કોને મારે છે ૨૦-૨૦ વર્ષના છોકરા ઉપર ઘા કરે દેવાયત ખવડ ફા... સમજે છે શું તું તારા મનમાં ૧૫-૧૫ લોકો ૩-૩ ગાડીઓ લઈ છોકરાને મારો છો. હું એકલો જ ફરું છું બાજી લેજો.. જ્યાં આવવાનું હોય ત્યાં.. હા, એકવાર ઘા કરી બતાય દેવાયત ખવડ, જો તારા ઘરે આવી ને તને ના મારી નાખું તો કેજે.અમદાવાદના સનાથલ ગામે રહેતા ધ્રુવરાજસિંહ ચૌહાણ અને દેવાયત ખવડ વચ્ચે છ માસ પહેલા ડાયરામાં હાજરી ન આપવા બાબતને લઈ માથાકૂટ થઈ હતી. જેમાં કલાકાર દેવાયત ખવડની કારમાં ધ્રુવરાજસિંહ ચૌહાણ સહિતનાઓએ નુકશાન કર્યું હતું. આ અંગેની ફરિયાદ નોંધાઈ હતી જ્યારે સામા પક્ષે દેવાયત ખવડે ૮ લાખ રૂપિયા લઈ ડાયરામાં હાજર ન થતા છેતરપિંડીની ફરિયાદ દાખલ થઈ હતી.

## જામનગરના સિક્કા ગામમાં વિધવા મહિલાની નિર્દય હત્યા

। પ્રતિનિધિ, જામનગર,તા.૧૪ ।

જામનગર જિલ્લાના સિક્કા ગામમાં ગત મોડી રાત્રે એક ચોંકાવનારી ઘટના સામે આવી છે,જેમાં ૩૬ વર્ષીય વિધવા મહિલા નીલમબેન અશવારની તલવારના ઘા ઝીંકી નિર્દય હત્યા કરવામાં આવી હતી. આ ઘટનાએ સ્થાનિક સમુદાયમાં ચકચાર મચાવી દીધી છે. પોલીસના પ્રાથમિક તારણો અનુસાર, હોટલ સંચાલક સુખદેવસિંહ વીરાજી જાડેજા દ્વારા મહિલા પાસે અઘટિત માંગણીઓ કરવામાં આવી હતી, અને તેનો ઈન્કાર કરવા બદલ આ હત્યા નીપજાવવામાં આવી હોવાનું માનવામાં આવે છે.મળતી માહિતી અનુસાર, નીલમબેન અશવાર સિક્કા ગામની પંચવટી સોસાયટીમાં રહેતાં હતાં. ગત રાત્રે અજાણ્યા હુમલાખોરે તેમના પર તલવાર વડે ચાર જેટલા ઘા ઝીંકીને તેમની હત્યા કરી હતી. ઘટનાની જાણ થતાં જ સિક્કા પોલીસ સ્થળ પર પહોંચી અને તપાસ શરૂ કરી. પોલીસે ઘટનાસ્થળેથી કેટલીક મહત્વની પુરાવાઓ એકઠી કરી છે અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યો છે.પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે આરોપી સુખદેવસિંહ જાડેજા, જે સ્થાનિક હોટલનો સંચાલક છે, નીલમબેન પાસે અયોગ્ય માંગણીઓ કરતો હતો.

## જૂનાગઢના કેશોદમાં યુવકના આપઘાત કેસમાં રાજકીય આગેવાનની સંડોવણી

। પ્રતિનિધિ, જૂનાગઢ,તા.૧૪ ।

જૂનાગઢ જિલ્લાના કેશોદ તાલુકાના પંચાળા ગામે ૨૭ જુલાઈ, ૨૦૨૫ના રોજ નાગજી ચુડાસમા નામના યુવકના આપઘાતના કેસમાં મોટો ખુલાસો થયો છે. મૃતકે આપઘાત પહેલાં બનાવેલા વીડિયોમાં કેશોદ તાલુકા પંચાયતના મહિલા પ્રમુખના પતિ ભરત ઉર્ફે ભનુ ઓડેદરાને મુખ્ય આરોપી તરીકે નામ આપ્યું હતું, જેનાથી રાજકીય ખળભળાટ મચી ગયો છે. આર્થિક તંગીના કારણે નાગજીએ ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી, અને તેની પત્નીએ ભૂપત ચાચીયા અને કરશન સોલંકી સામે પોલીસ ફરિયાદ નોંધાવી હતી.નાગજી ચુડાસમાએ આપઘાત પહેલાં બનાવેલા વીડિયોમાં જણાવ્યું હતું કે ભનુ ઓડેદરા સહિત અન્ય લોકોના ત્રાસ અને આર્થિક દબાણને કારણે તેણે આ પગલું ભર્યું. તેણે વીડિયોમાં કહ્યું, "હું વીડિયો બનાવી મૂકું છું, તંત્ર કાર્યવાહી કરે તે સાચું."કેશોદ પોલીસે મૃતકની પત્નીની ફરિયાદના આધારે ભૂપત ચાચીયા અને કરશન સોલંકીની ધરપકડ કરી છે. ભનુ ઓડેદરા સામે પણ ગુનો નોંધાયો છે, અને તપાસ ચાલુ છે. ભનુ ઓડેદરા, જે કેશોદ તાલુકા પંચાયતના પ્રમુખના પતિ છે, તેનું નામ આવતાં સ્થાનિક રાજકારણ ગરમાયું છે. લોકો આ મામલે ન્યાયની માંગ કરી રહ્યા છે, જ્યારે કેટલાકે રાજકીય દબાણનો આરોપ લગાવ્યો છે.



શિક્ષણ ક્ષેત્રે અમદાવાદ જિલ્લાના શિક્ષકોની ગૌરવપૂર્ણ સિદ્ધિ

# રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૨૫ માટે જાહેર કરાયેલા 'શ્રેષ્ઠ શિક્ષક રાજ્ય પારિતોષિક'માં અમદાવાદ જિલ્લાના ૦૩ શિક્ષકો પસંદગી પામ્યા

**પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ વિભાગ અંતર્ગત રાજ્યભરમાંથી પસંદ કરાયેલા કુલ ૩૦ શિક્ષકો પૈકી અમદાવાદ જિલ્લાના ૦૩ શિક્ષકોની પસંદગી**

। પ્રતિનિધિ, રાજકોટ, તા.૧૩ ।

૭૯મા સ્વાતંત્ર્ય પર્વની પૂર્વ સંધ્યાએ અમદાવાદ જિલ્લાના શિક્ષકોની અનેરી સિદ્ધિએ જિલ્લાના શિક્ષણ ક્ષેત્રને ગૌરવ અપાવ્યું છે. રાજ્ય સરકાર દ્વારા રાજ્યભરના શિક્ષકોની કામગીરીને બિરદાવવા માટે દર વર્ષે 'શ્રેષ્ઠ શિક્ષક રાજ્ય પારિતોષિક' જાહેર કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૫ માટે પ્રાથમિક શિક્ષણ અને માધ્યમિક શિક્ષણ વિભાગ અંતર્ગત આવતા કુલ ૩૦ શિક્ષકોની 'શ્રેષ્ઠ શિક્ષક રાજ્ય પારિતોષિક' માટે પસંદગી કરવામાં આવી છે. જેમાંથી અમદાવાદ જિલ્લાના ૦૩ શિક્ષકોની પસંદગી 'શ્રેષ્ઠ શિક્ષક રાજ્ય પારિતોષિક' માટે કરવામાં આવી છે.

અમદાવાદ જિલ્લાના ધોલેરા તાલુકાની વાલીંડા પ્રાથમિક શાળાના મદદનીશ શિક્ષક વાળંદ મીનેશકુમાર નાનાભાઈ, દસક્રોઈની મિરોલી પે સેન્ટર શાળાના મુખ્ય શિક્ષક આરતી વલ્લભદાસ શર્મા અને જ્ઞાનદા ગર્લ્સ હાઈસ્કૂલ ઘાટલોડિયાના આચાર્ય શ્રી પટેલ જાગૃતિબેન ભગવાનભાઈની 'શ્રેષ્ઠ શિક્ષક રાજ્ય પારિતોષિક' માટે પસંદગી કરવામાં આવી છે.




સાથે જ, જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, અમદાવાદ-ગ્રામ્ય દ્વારા જિલ્લા અને તાલુકા કક્ષાએ શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક પણ જાહેર કરવામાં આવ્યા છે.

જેમાં અમદાવાદ જિલ્લા કક્ષાના શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક માટે દસ્ક્રોઈ તાલુકાની કુજાડ પ્રાથમિક શાળા નં. ૦૨ના એચ. ટાટ મુખ્ય શિક્ષક શ્રી યોગેશકુમાર કાન્તિલાલ પટેલ, ઘાટલોડિયા શાળા નં ૦૩, અમદાવાદના પ્રાથમિક શિક્ષક શ્રી સોનલબેન પ્રફુલ્લભાઈ રાવલ અને કર્મચારી શિક્ષણતીર્થ, ઘાટલોડિયાના માધ્યમિક શિક્ષક શ્રી ગીતાબેન વસંતભાઈ સતાસિયાની પસંદગી કરવામાં આવી છે.

તાલુકા કક્ષાના શ્રેષ્ઠ શિક્ષકો તરીકે છસ્ત્રની સરસપુર ગુજરાતી શાળા નં ૦૩ના પ્રાથમિક શિક્ષક શ્રી અરુણાબેન કાન્તિલાલ પ્રજાપતિ, છસ્ત્રની દાણીલીમડા ગુજરાતી શાળા નં ૦૧ના પ્રાથમિક શિક્ષક શ્રી મેહુલકુમાર લવજીભાઈ સુતરીયા, દસક્રોઈની મેમદપુર પ્રાથમિક શાળાના પ્રાથમિક શિક્ષક શ્રી સરલાદેવી કમલેશકુમાર તિવારીની પસંદગી કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, પસંદગી કરવામાં આવેલા તમામ શિક્ષકશ્રીઓને આગામી પાંચમી સપ્ટેમ્બરના રોજ ઉજવાનાર શિક્ષક દિન અંતર્ગત પારિતોષિક એનાયત કરવામાં આવશે.અમદાવાદ જિલ્લાના ધોલેરા તાલુકાની વાલીંડા પ્રાથમિક શાળાના મદદનીશ શિક્ષક વાળંદ મીનેશકુમાર નાનાભાઈ, દસક્રોઈની મિરોલી પે સેન્ટર શાળાના મુખ્ય શિક્ષક આરતી વલ્લભદાસ શર્મા અને જ્ઞાનદા ગર્લ્સ હાઈસ્કૂલ ઘાટલોડિયાના આચાર્ય શ્રી પટેલ જાગૃતિબેન ભગવાનભાઈની 'શ્રેષ્ઠ શિક્ષક રાજ્ય પારિતોષિક' માટે પસંદગી કરવામાં આવી છે.

આ ઘટના બે દિવસ પહેલા ઘટનાનું પુનરાવર્તન છે

# જીવના જોખમે નર્મદા નદી કિનારે સેલ્ફી લેતા 3 યુવાનનો ભરતીના પાણીમાં ફસાયા

। પ્રતિનિધિ, અંકલેશ્વર, તા.૧૪ ।

જીવના જોખમે નર્મદા નદી કિનારે સેલ્ફી લેતા યુવાન ભરતી ના પાણીમાં ૩ યુવાનો ફસાયા ગયા હતા. આ ત્રણ દિવસમાં બીજો બનાવ સામે આવ્યો છે. બે દિવસ અગાઉ પાંચ યુવાન ભરતી ના પાણીમાં ફસાયા હતા. નર્મદા નદીના અંકલેશ્વર તરફના છેડે સવાર અને સાંજના સમયે મોટી સંખ્યામાં લોકો આવે છે. સ્થાનિક લોકોએ તંત્ર પાસે સુરક્ષા અને સલામતીના પગલાં લેવાની માંગ કરી હતી. ભરૂચના ગોલ્ડન બ્રિજ પાસે નર્મદા નદી કિનારે સેલ્ફી લેવાના ચક્કરમાં યુવાનોના જીવ જોખમમાં મૂકવાનું બીજો બનાવ સામે આવ્યો છે. અંકલેશ્વર તરફના છેડે ત્રણ યુવાનો સેલ્ફી લેવા માટે નદીના પાણીમાં ઉતર્યા હતા.

અચાનક ભરતી ના પાણી આવતા ત્રણેય યુવાનો એ જીવ બચાવવા ભાગવું પડ્યું હતું. આ ઘટના બે દિવસ પહેલા ઘટનાનું પુનરાવર્તન છે. અગાઉ પાંચ યુવાન ભરતીના પાણીમાં ફસાયા હતા. સ્થાનિક નાવિકોએ તેમને સુરક્ષિત રીતે બહાર કાઢ્યા હતા.નર્મદા નદીના અંકલેશ્વર તરફના છેડે સવાર અને સાંજના સમયે મોટી સંખ્યામાં લોકો આવે છે. જીવના જોખમે નર્મદા નદી કિનારે સેલ્ફી લેતા યુવાન ભરતી ના પાણીમાં ૩ યુવાનો ફસાયા ગયા હતા. આ ત્રણ દિવસમાં બીજો બનાવ સામે આવ્યો છે. બે દિવસ અગાઉ પાંચ યુવાન ભરતી ના પાણીમાં ફસાયા હતા.

## મારા બેંક એકાઉન્ટમાં રૂપિયા ૨ લાખ જમા છે, એક મજાકના કારણે યુવકને મળ્યું દર્દનાક મોત!

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૪ ।

ચાંગોદરના તાજપુર ગામની સીમમાંથી પસાર થતી રેલ્વે લાઈન નજીકથી ૧૬મી માર્ચના દિવસે મળી આવેલ મૃતદેહના ગુનાનો ભેદ ઉકેલવામાં પોલીસને સફળતા મળી છે. પોલીસએ મૂળ ઉત્તરપ્રદેશના રહેવાસી સંતલાલ ગૌતમ અને મધ્યપ્રદેશના રહેવાસી રોહિતસીંગ ગોડ નામના બે આરોપીઓની ધરપકડ કરી છે. બંન્ને આરોપીઓએ માત્ર ૨ લાખ રૂપીયા મેળવવાની લાલચમાં આવીને મોહિબુલ ઈસ્લામ નામના યુવકને ગળે ટુંપો આપીને હત્યા કરી દીધી હતી. બાદમાં તેની ઓળખ ના થાય તે માટે ટી શર્ટ ચહેરા પર નાંખીને સળગાવી દીધી હતી. જો કે પોલીસ તપાસમાં બંન્નેની પોલ ખુલ્લી પડી ગઈ હતી. ઘટના અંગે વાત કરીએ તો ૧૬મી માર્ચએ સળગાવેલી હાલતમાં ચહેરા સાથે એક મૃતદેહ મળી આવ્યો હતો. જો કે યુવકનો ચહેરો સળગી ગયેલ હાલતમાં હોવાથી તેની ઓળખ કરવી પોલીસ માટે મુશ્કેલ બની હતી. પરંતુ પોલીસએ અલગ અલગ દિશામાં તપાસ શરૂ કરી હતી. જ્યારે ૧૭મી માર્ચના દિવસે ચાંગોદરમાં આવેલ મેક્સ ગ્રાફિક્સમાં કામ કરતો મોહિબુલ ઈસ્લામની કોઈ ભાળ મળતી ના હોવાની જાણ ચાંગોદર પોલીસને કરવામાં આવી હતી.

## વહેરાખાડી કોતરમાં લઈ જઈ પત્ની ઉપર પતિ તીક્ષ્ણ હથિયારથી હુમલો કરી ફરાર

। પ્રતિનિધિ, આણંદ, તા.૧૪ ।

આણંદ જિલ્લાના ઉમરેઠ તાલુકાના બડાપુરા ગામે રહેતી એક પરણીતા પોતાની માતા સાથે હોસ્પિટલમાં હાજર હતી ત્યારે તેણીનો પતિ હોસ્પિટલમાં પહોંચી ગયો હતો અને પત્નીને વહેરાખાડી ખાતે મહિસાગર નદીએ ફરવા જવાનું કહીને બાઈક ઉપર બેસાડી કોતરોમાં લઈ આવ્યો હતો. જ્યાં જઈને કોઈ કારણસર પોતાની પાસેના તિક્ષ્ણ હથિયારથી બંને હાથમાં ઘા મારીને જીવલેણ ઈજા પહોંચાડી ભાગી છુટ્યો હતો. બીજી તરફ પરણીતાને લોહીલુહાણ હાલતમાં પ્રથમ આણંદ જનરલ હોસ્પિટલ અને ત્યાંથી આણંદની ઝાયડ્સ હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે. ઉમરેઠ તાલુકાના બડાપુરા ગામે ૩૫ વર્ષીય કૃષ્ણાબેન આશિષભાઈ પટેલ પોતાના પરિવાર સાથે રહે છે. કૃષ્ણાબેનના માતા કે અન્ય કોઈ સંબંધી બિમાર હોવાથી હોસ્પિટલમાં દાખલ કર્યા હતા અને કૃષ્ણાબેન પોતાના માતા સાથે હોસ્પિટલમાં હાજર હતા ત્યારે કૃષ્ણાબેનનો પતિ આશિષભાઈ હોસ્પિટલમાં પહોંચી ગયો હતો અને પત્ની કૃષ્ણાબેનને વહેરાખાડી ગામે મહીસાગર ફરવા જવાનું કહીને પોતાના બાઈક પર બેસાડી લઈ ગયો હતો.જ્યાં કોતરોમાં કોઈ કારણસર પોતાની પાસેના ધારદાર તિક્ષ્ણ તલવાર જેવા હથિયારથી પત્ની કૃષ્ણાબેનની ઉપર હુમલો કરી દીધો હતો. જેના બંને હાથમાં ગંભીર ઈજા પહોંચાડી ત્યાંથી ભાગી છૂટ્યો હતો. બીજીતરફ લોહીલુહાણ હાલતમાં કૃષ્ણાબેન ત્યાં ઢળી પડ્યા હતા અને પોતાના ધર્મના માનેલા ભાઈને જાણ કરતાં ભાઈ પોતે રીક્ષા લઈને બહેન પાસે જઈ રહ્યો હતો. સાથે સાથે ૧૦૮ વાનને જાણ કરતાં ૧૦૮ની ટીમ તેમજ ખંભોળજ પોલીસમથકના માણસો પણ સ્થળ ઉપર પહોંચી ગયા હતા. ઈજાગ્રસ્ત કૃષ્ણાબેનને તાત્કાલિક સારવાર અર્થે આણંદ જનરલ હોસ્પિટલમાં અને ત્યાંથી વધુ સારવાર અર્થે ગંભીર હાલતમાં આણંદ ઝાયડ્સ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે.






## તંત્રી લેખ..

# વધ સુવિધા પર ભાર

કોરોના કાળમા પણ નવી નવી ટેકનોલોજી પર કામ જારી છે. આવનાર દિવસમાં કેટલીક એવી નવી શોધ આવી શકે છે જે લોકો માટે વધુ આરામદાયક અને ઝડપી બની શકે છે. નવી ટેકનોલોજી પર દુનિયાના દેશો કામ કરી રહ્યા છે. વાણિજ્ય પાટનગરથી અમદાવાદ વચ્ચે બુલેટ ટ્રેન પ્રોજેક્ટનું કામ શરૂ થઇ ગયા બાદ મુંબઈના લોકોને હવે આના કરતા પણ વધુ ઝડપથી દોડનાર હાઈપર લુપની ભેંટ મળનાર છે. મુંબઈ-પુણેને હાઈપરલુપથી જોડવા માટે અમેરિકી કંપની વર્જિન ગ્રુપે મહારાષ્ટ્ર સરકારની સાથે ઈન્ટેન્ટ એગ્રિમેન્ટ ઉપર હસ્તાક્ષર કરી દીધા છે. કંપનીનો દાવો છે કે, આ ટેકનોલોજીથી ૧૦૦૦ કિલોમીટર પ્રતિકલાકની ઝડપથી પ્રવાસ કરી શકાશે. મુંબઈ અને પુણે વચ્ચેની યાત્રા માત્ર ૧૩ મિનિટમાં પૂર્ણ કરી શકાશે. મેગ્નેટિક મહારાષ્ટ્ર ઈન્વેસ્ટર સમિટ દરમિયાન થોડાક સમય પહેલા વર્જિન ગ્રુપના ચેરમેન રિચર્ડ બ્રેસનને કહ્યું હતું કે, મુંબઈ-પુણે વચ્ચે વર્જિન હાઈપરલુપ તૈયાર કરવા માટે મહારાષ્ટ્ર સરકારની સાથે એક સમજૂતિ કરવામાં આવી છે. આની શરૂઆત એક ઓપરેશન ડેમોન્ટેશન ટ્રેકની સાથે કરવામાં આવી ચુકી છે. આનાથી દર વર્ષે ૧૫ કરોડ યાત્રી મુસાફરી કરી શકશે. નવેમ્બર ૨૦૧૮માં મહારાષ્ટ્ર સરકારે આ રુટ ઉપર સર્વે માટે કંપની સાથે એક કરાર કર્યો હતો. રિચર્ડ બ્રેસનને કહ્યું હતુ ંકે સૂચિત હાઈપરલુપ ટ્રાન્સપોર્ટેશન પરિવહન સિસ્ટમ પરિવહનની દુનિયાને બદલી દેશે અને મુંબઈને દુનિયામાં અગ્રણી બનાવશે. આ પ્રોજેક્ટનો આર્થિક સામાજિક લાભ ૫૫ અબજ ડોલર છે. આનાથી હજારો લોકોને રોજગારી પણ મળશે. પ્રોજેક્ટની કિંમત અને ટાઈમલાઈનની વિગતો હજુ જાહેર કરવામા ંઆવી નથી. આ પહેલા આંધ્રપ્રદેશ સરકાર વિજયવાડા અને અમરાવતી વચ્ચે હાઈપરલુપથી જોડવા માટે અમેરિકી કંપની હાઈપરલુપ ટ્રાન્સપોર્ટેશન ટેકનોલોજી સાથે કરાર કર્યા હતા. બંને શહેરો વચ્ચેની એક કલાકની યાત્રા ઘટીને માત્ર પાંચથી છ મિનિટ થઈ જશે. હાલના સમયમાં સંયુક્ત અરબ અમિરાત, અમેરિકા, કેનેડા અને નેધરલેન્ડમાં પણ હાઈપર લુપ ઉપર કામ ચાલી રહ્યું ચે. અમદાવાદ અને મુંબઈ વચ્ચે બુલેટ ટ્રેન દોડાવવાની હિલચાલ ચાલી રહી છે ત્યારે આગામી દિવસોમાં મુંબઈ અને પુણે વચ્ચે હવે હાઈપર લુપને લઈને પણ તૈયારી શરૂ કરાઈ છે. પરિવહનના ક્ષેત્રમાં આના લીધે ક્રાંતિ આવશે. વિશ્વના અન્ય દેશો પણ આ દિશામાં સતત સક્રિય થઈ રહ્યા છે. જંગી પ્રોજેક્ટ ખર્ચ આના ઉપર રહેશે. બુલેટ ટ્રેન કરતા પણ બે ગણી ઝડપથી હાઈપરલુપમાં મુસાફરી કરી શકાશે. હાઈપરલુપ ટેસ્લાના સ્થાપક એલન મસ્કની શોધ છે. એલન મસ્કે વર્ષ ૨૦૧૩માં એક વ્હાઈટ પેપરના રુપમાં હાઈપરલુપની બેઝિક ડિઝાઈનથી દુનિયાને વાકેફ કરીને ચોંકાવી દીધા હતા. હાઈપરલૂપ એક ટ્યુબ ટ્રાન્સપોર્ટ ટેકનોલોજી છે. આ હેઠળ થાંભલાના ઉપર એલિવેટેડ ટ્યુબ બિછાવવામાં આવે છે જેની અંદર બુલેટટ્રેન જેવી લાંબી સિંગલ બોડી હવામાં તરતી ટ્રેન જેવી ગાડી હોય છેતે આમા સિંગલ બોગી સાથે હવામા તરીને દોડે છે.

# જીવનસાથીને ખુશ રાખવાથી લાભ

હાલમાં જ કરવામાં આવેલા વ્યાપક અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે જીવનસાથી અથવા તો લાઈફ પાર્ટનરને ખુશ રાખીને મોટી વય સુધી જીવિત રહેવાની તક મળી શકે છે. જીવનસાથીને ખુશ રાખવાથી હેપ્પી હાર્મોનમાં વધારો થયા છે. સાથે સાથે વયમાં પણ વધારો થાય છે. રિસર્ચમાં પણ આ બાબતની સાબિતી મળી ગઈ છે કે જીવનમાં સ્વસ્થ રહેવા માટે ખુશ રહેવાની બાબત ઉપયોગી છે. સાથે સાથે જેની સૌથી વધારે નજીક રહીએ છીએ તેને ખુશ રાખવા માટે સારા આરોગ્યની જરૂર હોય છે. અભ્યાસમાં પણ કેટલીક બાબતો સાબિત થઈ ગઈ છે. ટેન્શનના કારણે ખુશી આપનાર હાર્મોનમાં કમી થાય છે. આના માટે ખુશ રહેવાની બાબત જરૂરી છે. આના કારણે સારા આરોગ્યની સાથે સાથે સફળતા માટેની સંભાવના પણ વધી જાય છે. અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે લાંબી વયની ઈચ્છા ધરાવનાર લોકોએ જીવનસાથીને ખુશ રાખવાની જરૂર હોય છે. સાયકોલોજિકલ પત્રિકામાં આ અંગેની વાત કરવામા ંઆવી છે. નેધરલેન્ડની ટિલબુર્ગ યુનિવર્સિટી દ્વારા કરવામાં આવેલા અભ્યાસમાં કહેવામાં આવ્યુ છે કે અમેરિકામાં ૫૦ વર્ષના ૪૪૦૦ દપત્તિઓને આવરી લઈને અભ્યાસની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. શરૂના આઠ વર્ષ બાદ આશરે ૧૬ ટકા પ્રતિભાગીઓના મોત થઈ ગયા હતા. જે લોકોના મોત થયા હતા તે પૈકી જીવિત પ્રતિભાગીની તુલનામાં ઓચા શિક્ષિત, ઓછા અમીર, શારરિક રીતે ઓછા સક્રિય લોકો હતા. તેમના જીવનસાથી પણ જીવનથી ઓછા સંતુષ્ટ હતા. રિસર્ચ-બેમાં કહેવામાં આવ્યુ છે કે ખુશ રહેનાર લોકોના હાર્ટ સામાન્ય કરતા વધારે સ્વસ્થ રહે છે. આ અભ્યાસની કામગીરી ૨૮૭૩ મહિલા અને પુરૂષોને આવરી લઈને કરવામાં આવ્યા છે. ખુશ રહેવાથી તેના પોઝિટીવ વાઈબ્સના કારણે બીજા પાર્ટનરમાં સિરોટોનિન હાર્મોનનુ સ્રાવ વધી જાય છે. આના કારણે તેને ખુશી પણ મળે છે. સાથે સાથે શરીરમાં ફ્રી રેડિકલ્સ જમા થાય છે. તાજેતરમાં જ કરવામાં આવેલા એક નવા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે સારી સેક્સ લાઈફ આયુષ્યને વધારવામાં પણ મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરે છે. અમેરિકાના વય વિરોધી નિષ્ણાંત ડૉક્ટર ઈરીક બ્રેવરમેને તેમના નવા પુસ્તક યંગર (સેક્સીયર) યુમાં ઘણી બાબતોનો ઉલ્લેખ કર્યો છે. જેમાં જણાવ્યું છે કે સારી સેક્સ લાઈફ માત્ર આયુષ્યને જ વધારવામાં ઉપયોગી નથી બલ્કે વધુ યુવા દેખાવામાં તથા ખુશખુશાલ અનુભવ કરવામાં પણ મહત્વની ભૂમિકા અદા કરે છે.



**સંસ્થાઓને અપાતા ફંડના મામલે ફરી ધ્યાન આપવામાં આવે...**

**પહેલા આ શ્રેણી રાખવામાં આવી ન હતી રેન્કિંગમાં સામેલ રહેલી સંસ્થાઓની સંખ્યામાં વધારો થયો છે આ સંખ્યા હવે વધીને ૪૫૦૦ કરતા ઉપર પહોંચી ગઇ છે દરમિયાન ભારત સરકારે સ્પષ્ટતા કરી છે**

# શિક્ષણ સંસ્થાઓને વધુ ફંડ જરૂરી

**મોટા ભાગની ભારતીય શિક્ષણ સંસ્થાઓ મધ્યમ સ્તરની છે જેથી સ્થિતીને વધારે સારી બનાવવા માટે ધ્યાન કેન્દ્રિત કરાય તે સમયની માંગ**

થોડાક સપ્તાહ પહેલા જ નેશનલ ઈન્સ્ટીટ્યુટ રેન્કિંગ ફ્રેમવર્ક (એનઆઈઆરએફ) તરફથી ભારતીય કોલેજ અને યુનિવર્સિટીના રેન્કિંગ જારી કરવામાં આવ્યા છે. રેન્કિંગમાં છેલ્લા વર્ષોની તુલનામાં કેટલાક સુધારા જોવામાં આવ્યા છે. જેમ કે લો અને આર્કિટેકચર જેવી જુદી જુદી સંસ્થાઓ માટે શ્રેણી વધારી દેવામાં આવી છે. પહેલા આ શ્રેણી રાખવામાં આવી ન હતી. રેન્કિંગમાં સામેલ રહેલી સંસ્થાઓની સંખ્યામાં વધારો થયો છે. આ સંખ્યા હવે વધીને ૪૫૦૦ કરતા ઉપર પહોંચી ગઈ છે. દરમિયાન ભારત સરકારે સ્પષ્ટતા કરી છે કે દરેક પરિસ્થિતીમાં તમામ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓના રેન્કિંગમાં સામેલ થવાની બાબત જરૂરી છે.



જે સરકારી સંસ્થાઓ આમાં સામેલ થશે નહીં તેમને મળનાર ફંડમાં કાપ મુકવામાં આવશે. માનવામાં આવે છે કે તમામ સરકારી સંસ્થાઓ આ રેન્કિંગમાં સ્વય સામેલ થશે. હાલના વર્ષોમાં રેન્કિંગ જારી કરવામાં આવી છે. તેમા દેશની આઠ જુદી જુદી સંસ્થાઓસામેલ રહી છે. જુદા જુદા પ્રકારની શિક્ષણ સંસ્થાનો તેમાં સમાવેશ કરવામાં આવ્યા બાદ તેની ચર્ચા જોવા મળી રહી છે. જેમના રેન્કિંગ ખાસ શ્રેણીમાં રાખવામાં આવ્યા છે તેમાં યુનિવર્સિટી, એન્જિનિયરિગ, મેડિકલ, ફાર્મસી, મેનેજમેન્ટ, આર્કિટેકચર, લો અને અન્ય કોલેજ સામેલ છે. એક નવમી શ્રેણી પણ છે. જેમાં તમામ સંસ્થાઓના રેન્કિંગ એક સાથે કરવામાં આવ્યા છે.

ગોવા આંતરરાષ્ટ્રીય સંસ્થાના અધિકારી નક્કર પણે માને છે કે ભારતમાં મોટા ભાગની શિક્ષણ સંસ્થાઓ મધ્યમ સ્તરની રહેલી છે અને મોટા ભાગના વિદ્યાર્થીઓ આ શિક્ષણ સંસ્થાઓમાં જ અભ્યાસ કરી રહ્યા છે. ૬૫ ટકાથી વધારે વિદ્યાર્થીઓ આ જ શિક્ષણ સંસ્થાઓમાં અભ્યાસ કરવા માટે મજબુર છે. ૬૭ ટકાથી વધારે વિદ્યાર્થીઓ ખાનગી શિક્ષણ સંસ્થાઓમાં પ્રવેશ મેળવે છે. જો મોટા ભાગે ખુબ મોંઘી શિક્ષણ સંસ્થાઓ હોય છે. બાકીના તમામ વિદ્યાર્થીઓ તો સરકારી સંસ્થાઓમાં જ અભ્યાસ કરે છે. જ્યાં કુલ સંશાધનો અને બૌદ્ધિક ક્ષમતાનો અભાવ રહે છે. દેશમાં શેક્ષણિક સંસ્થાઓના દેખાવની વાત કરવામાં આવે તો ગણતરીની શિક્ષણ સંસ્થાઓ જ નાણાંકીય આધાર પર રાષ્ટ્રીય રેન્કિંગમાં સામેલ થવા માટે યોગ્યતા ધરાવે છે. જેમાં મોટા ભાગની શેક્ષણિક સંસ્થાઓ કેન્દ્રના ફંડ મેળવનાર હોય છે. કેટલીક ખાનગી સંસ્થાઓ પણ સામેલ હોય છે. આવી સ્થિતીમાં સરકારને ધ્યાન આપવુ જોઈએ કે એનઆઈઆરએફમાં સામેલ ન થનારી સંસ્થાને ફંડમાં કાપ મુકવાની ચેતવણી આપવાના બદલે તેમની નાણાંકીય સ્થિતી પર વધારે ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે. સરકારી સંસ્થાઓ માચે બજેટ ફાળવણી પર વધારે ગંભીરતાપૂર્વક વિચારણા કરવામાં આવે તે જરૂરી છે. જાણકાર નિષ્ણાંતોનુ કહેવુ છે કે રેન્કિંગમાં સામેલ કરવામાં આવેલી શિક્ષણ સંસ્થાઓને આપવામાં આવેલા પોઈન્ટની સાર્થકતા એ વખતે જ છે જ્યારે ટોપ પર રહેલી બારતીય સંસ્થાઓના પોઈન્ટની તુલના આંતરરાષ્ટ્રીય રેન્કિંગના આધાર પર કરવામાં આવે. વર્ષ ૨૦૧૬ અને વર્ષ ૨૦૧૭ની જેમ જ આ વખતે પણ જારી કરવામાં આવેલા રેન્કિંગના મામલે તીખી પ્રતિક્રિયા સપાટી પર આવી છે. એક સમીક્ષક પોતાના બ્લોગમાં લખે છે કે માત્ર ૧૫ યુનિવર્સિટી અથવા તો આ શિક્ષણ સંસ્થાઓ એવી છે જેમને નવ શ્રેણીમાં ૧૦૦માંથી ૭૫ અથવા તો વધારે પોઈન્ટ મળ્યા છે. ટોપની ૧૦૦ સંસ્થાઓને ૧૦૦માંથી ૬૦ પોઈન્ટ જ મળ્યા છે. આ આંકડાને લઈને પણ ચર્ચા છે. ટુંકમાં કહી શકાય છે કે ભારતમાં રહેલી શૈક્ષણિક સંસ્થાઓને વધારે પ્રમાણમાં જરૂરી ફંડ મળે તે જરૂરી છે. સારા ફંડ મળશે તો જ તેમની સ્થિતી નાણાંકીય રીતે મજબુત બનતા જરૂરી સંશાધનો ઉભા કરી શકાશે. ભારતમાં શૈક્ષણિક સંસ્થાઓની સ્થિતીને સુધારી દેવા માટે અનેક પ્રકારની પહેલ કરવામાં આવી રહી છે. શૈક્ષણિક સંસ્થાઓ વચ્ચે ગળા કાપ સ્પર્ધા ચાલી રહી છે.



**હાલના દિવસોમાં ખાવા પીવાને લઇને નવી ડાઇટ લોકપ્રિય થઇ**

**ગ્લુકોજ અને પ્રોટીનનુ પ્રમાણ પુરતા પ્રમાણમાં ન હોવાના કારણે શરીર કિટોસીસ પ્રક્રિયા શરૂ કરે છે જેમાં બોડીમાં રહેલા ફેટ ઓગળીને એનર્જીમાં ફેરવાઇ જવાની શરૂઆત થાય છે**

# કિટો ડાઇટ વજન ઘટાડવામાં ઉપયોગી

**કિટો ડાઇટ હમેંશા નિષ્ણાંતોની દેખરેખ હેઠળ શરૂ કરવાની જરૂર હોય છે : થોડાક દિવસમાં જ અસર દેખાવવા લાગી જાય છે**

હાલના દિવસોમાં ખાવા પીવાને લઈને એક નવી ડાઈટ ખુબ જ લોકપ્રિય થઈ રહી છે. આ લોકપ્રિય થઈ રહેલી ડાઇટનુ નામ કિટો ડાઈટ છે. જો ઓછા સમયમાં વજન ઉતારી દેવાન ઈચ્છા છે તો તેનો ઉપયોગ કરી શકાય છે. આને રૂટીનમાં સામેલ કરીને વજનને ઉતારી શકાય છે. આ ડાઈટની ખાસ બાબત એ છે કે તેમા હાઈ ફેટ આપવામાં આવે છે. સાથે સાથે કાર્બોહાઈડ્રેટનુ પ્રમાણ ઓછુ રાખવામાં આવે છે. ડાઈટ હેઠળ બોડીમાં વર્તમાન કાર્બોહાઈડ્રેટના બદલે ચરબીને તોડીને શરીર તેનો ઉપયોગ ઉર્જા માટે કરે છે. ભારતમાં આ ડાઈટને લઈને લોકોનો ક્રેઝ હવે ઝડપથી વધી રહ્યો છે.



બીજી બાજુ વિદેશમાં તો આ પ્રકારની ડાઈટને વધારે પહેલાથી જ પાળવામાં આવે છે. આ ડાઈટના સંબંધમાં ભારતીય લોકો પાસે હાલમાં ઓછી માહિતી છે. આ ડાઈટના સંબંધમાં જાણવા માટે કેટલીક બાબત રહેલી છે. સૌથી પહેલા તો પ્રશ્ન એ થાય છે કે કિટો ડાઈટ છે શુ તો આનો જવાબ છે કે આ ડાઈટમાં હાઈ ફેટ ડાઈટ આપવામાં આવે છે. કાર્બોહાઈડ્રેટનુ પ્રમાણ ખુબ ઓછુ રાખવામાં આવે છે. આ ડાઈટ અમારા શરીરને હમેંશા કામ કરવા માટેની તાકાત આપે છે. એવુ ત્યારે થાય છે જ્યારે આપ એક દિવસમાં ૩૦ ગ્રામ કરતા પણ ઓછા પ્રમાણમાં કાર્બોહાઈડ્રેટનો ઉપયોગ કરો છો. આ ડાઈટમાં કાર્બોહાઈડ્રેટનુ પ્રમાણ ઓછુ હોવાથી બોડી ફેટના કારણે મળનાર એનર્જી દ્વારા તે કામ કરે છે. અહીં સુધી કે બ્રેઈન પણ પોતાનુ કામ આ જ એનર્જી સાથે ચલાવે છે. આ ડાઈટમાં કાર્બોહાઈડ્રેટ તો નહીં ના બરોબર હોય છે. સાથે સાથે શુગરનુ પ્રમાણ પણ પાંચ ટકા કરતા વધારે રાખવામાં આવતુ નથી. આમાં હાઈ ફેટ, નોર્મલ, પ્રોટીન અને ઓછા પ્રમાણમાં કાર્બોહાઈડ્રેટ લેવામાં આવે છે. અમેરિકા દેવા વિકસિત દેશમાં આ ડાઈટ ખુબ જ લોકપ્રિય છે. પરંતુ ભારત જેવા દેશોમાં આ ડાઈટ શરૂઆતી તબક્કામાં છે. આને ફોલો કરતા પહેલા પોતાની તબીબી ચકાસણી કરી લેવામાં આવે તે જરૂરી છે. આવી સ્થિતીમાં કોઈ ડાયટિશિયનની મદદ લેવામાં આવી શકે છે. કિટો ડાઈટના ભાગરૂપે એવા ભોજનનો ઉપયોગ કરવામાં આવે છે જેમાં ૭૦-૮૦ ટકા ફેટ, ૧૦-૨૦ ટકા પ્રોટીન અને માત્ર પાંચ ટકા કાર્બ હોય છે. આને શરૂ કરવામાં આવ્યા બાદથી ચારથી પાંચ દિવસના ગાળામાં જ બોડી કિટોસિસ પર જાય છે. જેના કારણે ભુખ બિલકુલ ઓછી થઈ જાય છે. ગ્લુકોજ અને પ્રોટીનનુ પ્રમાણ પુરતા પ્રમાણમાં ન હોવાના કારણે શરીર કિટોસીસ પ્રક્રિયા શરૂ કરે છે. જેમાં બોડીમાં રહેલા ફેટ ઓગળીને એનર્જીમાં ફેરવાઈ જવાની શરૂઆત થાય છે. આની ખાસ બાબત એ છે કે ઓછા ભોજનનો ઉપયોગ કરવામાં આવે છે છતાં પણ બોડી મસલ્સ પર અસર થતી નથી. ડાઈટમાં કેટલીક ચીજોને સામેલ કરવા માટે કહેવામાં આવે છે. જેમાં સી-ફુડનો સમાવેશ થાય છે. સાલ્મન અને અન્ય માછળીમાં વિટામિન, પોટેશિયમ અને સેલેનિયમ જેવા તત્વો ખુબ પુરતા પ્રમાણમાં રહે છે. જેમાં કાર્બ મળે છે. કેટલીક એવી શાકભાજી છે જેમાં સ્ટાર્ચનુ પ્રમાણ હોતુ નથી.સાથે સાથે કેલોરીઝ અને કાર્બોહાઈડ્રેટનુ પ્રમાણ પણ ઓછુ રહે છે. ડાઈટમાં આને સામેલ કરવામાં આવી શકે છે. બ્રાકલી, પત્તાગોભી અને ફુલાવરને ડાઈટમાં સામેલ કરવામાં આવી શકે છે. ચીજને સામેલ કરવામાં આવી શકે છે. ચીજમાં કાર્બ મોટા પાયે હોય છે. ફેટનુ પ્રમાણ પણ વધારે હોય છે. ૨૮ ગ્રામ શેડર ચીજમાં એક ગ્રામ કાર્બ અને સાત ગ્રામ પ્રોટીન હોય છે. કિટો ડાઈટ નિષ્ણાંતોની બાજ નજર હેઠળ આ પ્રક્રિયા શરૂ કરવી જોઈએ. નિષ્ણાંતોની જરૂર એટલા માટે પડે છે કે આ ડાઈટને શરૂ કરતા પહેલાબે ત્રણ દિવસ પહેલા જ આપની નોર્મલ ડાઈટમાં ફેરફાર કરવાની જરૂર હોય છે. એક વખતે આપની બોડી આને માટે તૈયાર થઈ જાય ત્યારે આપને નિષ્ણાંતોની જરૂર પડશે નહી. ત્યારબાદ તો રૂટીનમાં તમામ કામગીરી ચાલતી રહેશે. બોડીને કિટોસિસ પર જવા માટે ચારતી પાંચ દિવસનો સમય લાગે છે આવુ બની શકે છે કે આના કારણે થાક લાગે. પરંતુ એક વખતે બોડી આ ડાઈટમાં જતી રહ્યા બાદ વ્યક્તિ સવારથી સાંજ સુધી એનર્જીમાં હોય તેમ અનુભવ કરે છે. આ ડાઈટ આપને ઓવરઓલ ગ્લો પ્રદાન કરે છે. સાથે સાથે વાળ અને સ્કીનમાં ચમક આવે છે. કોલેસ્ટ્રોલ અને બ્લડપ્રેશર યોગ્ય અને આદર્શ સ્થિતીમાં રહે છે. વધારે ભુખ લાગતી નથી. સાથે સાથે એકાગ્રતામાં પણ જોરદાર રીતે વધારો થાય છે. આ તમામ બાબતો કિટો ડાઈટના કારણે શક્ય છે. અમેરિકાની સાથે સાથે ભારતમાં પણ હવે કિટો ડાઈટની બોલબાલા દેખાઈ રહી છે. .

**ભાજપનો દિલ્હી સરકાર પર આરોપ રહેતો હતો કે રાજ્ય સરકાર તેના ફંડને રોકી રહી છે**

# દિલ્હીમાં આમ આદમી પાર્ટીની જીતમાં પાર્ટીના સ્થાનિક નેતાઓનું પણ ઘણું યોગદાન રહ્યું

અત્યાર સુધી કેજરીવાલ સરકારનો ભાજપ શાસિત દિલ્હી નગર નિગમ પર એવો આરોપ રહેતો હતો કે તે યોગ્ય કામ નથી કરતું અને ભ્રષ્ટાચારની બોલબાલા છે, જ્યારે ભાજપનો દિલ્હી સરકાર પર આરોપ રહેતો હતો કે રાજ્ય સરકાર તેના ફંડને રોકી રહી છે. પરંતુ હવે દિલ્હી નગર નિગમ ચૂંટણીઓમાં આમ આદમી પાર્ટી બહુમતી મેળવીને વિજેતા બની ગઈ છે તેની સાથે જ રાજધાની પર આમ આદમી પાર્ટીનો સંપૂર્ણ કબ્જો થઈ ગયો છે. હવે મુખ્યમંત્રી ઉપરાંત મેયર પણ લગભગ આમ આદમી પાર્ટીનો જ બનશે. તે ઉપરાંત દિલ્હીની ત્રણેય રાજ્યસભા સાંસદ પણ આમ આદમી પાર્ટીના છે. માત્ર દસ વર્ષ જૂની રાજકીય પાર્ટીનું આટલું મોટું રાજકીય વજૂદ એક મોટી સફળતા ગણી શકાય. દિલ્હીની આ જીત સાથે જ હવે આમ આદમી પાર્ટીનું પ્રભુત્વ રાષ્ટ્રીય સ્તર પર પણ વધવું સ્વાભાવિક છે.

પરંતુ આ જીતની સાથે જ આમ આદમી પાર્ટીના પડકારો પણ વધવાના છે, કારણ કે અત્યાર સુધી કેજરીવાલ સરકારનો ભાજપ શાસિત દિલ્હી નગર નિગમ પર એવો આરોપ રહેતો હતો કે તે યોગ્ય કામ નથી કરતું અને ભ્રષ્ટાચારની બોલબાલા છે, જ્યારે ભાજપનો દિલ્હી સરકાર પર આરોપ રહેતો હતો કે રાજ્ય સરકાર તેના ફંડને રોકી રહી છે અને સહયોગ નથી આપતી. પરંતુ હવે જ્યારે રાજ્ય અને નિગમની સત્તામાં આમ આદમી પાર્ટી હશે તો આરોપ-પ્રત્યારોપ નું આ રાજકારણ ખતમ થઈ જશે. હવે આમ આદમી પાર્ટીએ પોતાના વાયદા પર ખરા ઉતરીને બતાવવું પડશે. કારણ કે હાલમાં તો દિલ્હી દુનિયાની સૌથી પ્રદૂષિત રાજધાની છે અને અહીંની મુખ્ય નદી યમુનામાં પણ ગંદકીની ભરમાર છે.

જ્યા ંસુધી દિલ્હી નગર નિગમ ચૂંટણીઓમાં આમ આદમી પાર્ટીની જીતની વાત છે તો માની શકાય કે મફત વીજળી અને પાણી આપવાની રેવડી કામ કરી ગઈ છે. ક્ષેત્રવાર પરિણામો દર્શાવી રહ્યાં છે કે એવા વિસ્તારો જ્યાં નિમ્ન વર્ગના લોકો વધુ રહે છે, એ વિસ્તારોમાં આમ આદમી પાર્ટીને વધારે વોટ મળ્યા છે. તે ઉપરાંત મુસ્લિમ આબાદીની બહુમતી ધરાવતા વિસ્તારોમાં પણ આમ આદમી પાર્ટીને ભારે સંખ્યામાં વોટ મળ્યા છે. દિલ્હી રમખાણો અને સીએએ વિરુદ્ધ ચાલેલા આંદોલન બાદ રાજધાનીમાં આ પહેલી ચૂંટણી હતી અને તેમાં મુસ્લિમોએ ખુલીને આમ આદમી પ ર્ટીને વોટ આપ્યા છે. તે ઉપરાંત આમ આદમી પાર્ટી વિરુદ્ધ ભાજપે ભ્રષ્ટાચારના જે આરોપો લગાવ્યા હતા તે પણ આ ચૂંટણીઓમાં અસર નથી દેખાડી શક્યા. ઉલ્લેખનીય છે કે મનીષ સિસોદિયાને શરાબ કૌભાંડ મામલે બહુ ઘેરવામાં આવ્યા હતા, જ્યારે જેલમાં બંધ દિલ્હીના મંત્રી સત્યેન્દ્ર જૈનના રોજિંદા નવા નવા વીડિયો જારી કરીને આરોપ લગાવવામાં આવ્યા હતા કે દિલ્હી સરકાર સત્તાનો દુરુપયોગ કરી રહી છે અને સત્યેન્દ્ર જૈન જેલમાં બેઠા બેઠા દરબાર લગાવી રહ્યા છે. એટલું જ નહીં, મહાઠગ સુકેશ ચંદ્રશેખરે પણ દિલ્હીના ઉપરાજ્યપાલને કેટલાય પત્ર લખીને કેજરીવાલ સરકાર અને આમ આદમી પાર્ટી પર કેટલાય ગંભીર આરોપ લગાવ્યા હતા. દિલ્હીમાં આમ આદમી પાર્ટીની જીતમાં પાર્ટીના સ્થાનિક નેતાઓનું પણ ઘણું યોગદાન રહ્યું, કારણ કે અરવિંદ કેજરીવાલ તો મોટાભાગનો સમય ગુજરાતમાં ચૂંટણી પ્રચારમાં સક્રિય હતા. મનીષ સિસોદિયા, અન્ય મંત્રીઓ તથા પાર્ટીના ધારાસભ્યો અને અન્ય રાજ્યોથી આવેલા કાર્યકર્તાઓએ દિલ્હીમાં ચૂંટણીની વ્યવસ્થા સંભાળી. દિલ્હીમાં આમ આદમી પાર્ટીએ 'કેજરીવાલની સરકાર અને કેજરીવાલના પાર્ષદ'નો નારો આપ્યો હતો, જે કામ કરી ગયો છે. તે ઉપરાંત મતદાનથી ઠીક પહેલાં કેજરીવાલે દિલ્હીની તમામ આરડબ્લ્યુએને મિની પાર્ષદનો દરજ્જો આપવાનો જે વાયદો કર્યો હતો તેણે પણ અસર દેખાડી છે. જોકે આમ આદમી પાર્ટી માટે નિગમ ચલાવવું એટલું આસાન નહીં હોય, કારણ કે ભાજપના પણ પાર્ષદ મોટી સંખ્યામાં જીતીને આવ્યા છે. હાલમાં નગર નિગમ ચૂંટણી જીત્યા બાદ આમ આદમી પાર્ટીને ચૂંટણી રાહત એટલા માટે છે, કારણ કે હવે દિલ્હીમાં ૨૦૨૪માં ત્યારે ચૂંટણી થશે જ્યારે દેશમાં લોકસભા ચૂંટણીઓ થવાની છે.

તેની સાથે જ આમ આદમી પાર્ટી માટે ૨૦૨૨ રાજકીય રૂપે ઘણું સારું કહી શકાય છે, કારણકે આ વર્ષની શરૂઆતમાં તેણે પંજાબમાં થયેલ વિધાનસભા ચૂંટણીઓ જીતીને પોતાની સરકાર બનાવી, ગોવા વિધાનસભામાં આમ આદમી પાર્ટીનું ખાતું ખૂલ્યું, હવે દિલ્હી નગર નિગમ ચૂંટણીઓમાં પાર્ટીએ ભાજપના ૧૫ વર્ષ જૂના શાસનને ઉખાડી ફેંક્યું છે. જોવાનું એ રહેશે કે ગુજરાતમાં પાર્ટીનું પ્રદર્શન કેવું રહે છે. જોકે ત્યાં પહેલી વાર ચૂંટણી યુદ્ધમાં ઉતરેલી આમ આદમી પાર્ટીને ૧૦ ટકાથી વધારે મત મળવાનું અનુમાન વિભિન્ન એક્ઝિટ પોલ્સમાં વ્યક્ત કરવામાં આવ્યું છે. આ રીતે આમ આદમી પાર્ટીએ વર્ષની શરૂઆત પણ જીત સાથે કરી હતી અને વર્ષના અંતમાં પણ જીત તેના જ ભાગ્યમાં આવી છે. એકંદરે આ જીત સાથે જ આમ આદમી પાર્ટીના વડા અરવિંદ કેજરીવાલ ભારતીય રાજકારણમાં પોતાનું કદ વધુને વધુ મજબૂત કરવામાં સફળ રહ્યા છે. તેઓ વાંરવાર એ સાબિત કરી ચૂક્યા છે કે ભાજપ અને કોંગ્રેસનો કોઈ મુકાબલો કરી શકે તેમ હોય તો તે આમ આદમી પાર્ટી જ છે. આમ આદમી પાર્ટી આ વર્ષે પંજાબ વિધાનસભા ચૂંટણીઓમાં કોંગ્રેસ પાસેથી સત્તા છીનવી ચૂકી છે. દિલ્હીની સત્તા પણ તેણે કોંગ્રેસ પાસેથી જ છીનવી હતી. આમ આદમી પાર્ટીના કેટલાય નેતાઓ એવો દાવો કરી ચૂક્યા છે કે ૨૦૨૪માં થનારી લોકસભા ચૂંટણી મોદી વિરુદ્ધ કેજરીવાલ રહેશે. કોંગ્રેસ તો જોકે ઘણી કમજોર થઈ ગઈ છે અને એટલે જ લોકસભા ચૂંટણીઓમાં ભાજપ નો મુકાબલો કરવા માટે આમ આદમી પાર્ટી દેશભરમાં ખુદને તૈયાર કરી રહી છે. કેજરીવાલ ઉપરાંત તૃણમૂલ કોંગ્રેસ સુપ્રીમો મમતા બેનર્જી, તેલંગણાના મુખ્યમંત્રી કે.ચંદ્રશેખર રાવ વગેરે જેવા કેટલાય નેતા પણ વડાપ્રધાન પદની ઉમેદવારીની દોડમાં છે.



Cyber Octet™

CYBER SECURITY AND ETHICAL HACKING TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD

## Learn Ethical Hacking & Cyber Security

**WHY JOIN CYBER OCTET ?**

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

**TRAINING BY:-** THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

**ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)**

## WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now

C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com

## મેરા ભારત મહાન

દિલ્હી પોલીસ ગાર્ડની સંયુક્ત ટુકડી પ્રધાનમંત્રીને સલામી આપશે । ત્યારબાદ, પ્રધાનમંત્રી ગાર્ડ ઓફ ઓનરનું નિરીક્ષણ કરશે । આ વર્ષે, સ્વતંત્રતા દિવસની ઉજવણી દરમિયાન પણ ઓપરેશન સિંદૂરની સફળતાની ઉજવણી કરવામાં આવશે । જ્ઞાનપથ પર વ્યૂ કટર પર ઓપરેશન સિંદૂરનો લોગો હાજર રહેશે

# પ્રધાનમંત્રી લાલ કિલ્લા પરથી ૭૯મા સ્વતંત્રતા દિવસની ઉજવણીનું નેતૃત્વ કરશે

**વડા પ્રધાન પ્રતિષ્ઠિત સ્મારકના પ્રાગટ્ય પરથી રાષ્ટ્રધ્વજ ફરકાવશે અને સમગ્ર રાષ્ટ્રને સંબોધિત કરશે । વર્ષના સ્વતંત્રતા દિવસની ઉજવણીની થીમ "નવું ભારત" છે**







। નવીદિલ્હી, તા.૧૪ ।

ભારત ૧૫ ઓગસ્ટ, ૨૦૨૫ ના રોજ તેનો ૭૯મો સ્વતંત્રતા દિવસ ઉજવશે, જેનું નેતૃત્વ વડા પ્રધાન નરેન્દ્ર મોદી દિલ્હીના પ્રતિષ્ઠિત લાલ કિલ્લા પરથી કરશે. વડા પ્રધાન પ્રતિષ્ઠિત સ્મારકના પ્રાગટ્ય પરથી રાષ્ટ્રધ્વજ ફરકાવશે અને સમગ્ર રાષ્ટ્રને સંબોધિત કરશે. જેમ જેમ દેશ ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતના સરકારના વિઝનને સાકાર કરવા તરફ ઝડપથી આગળ વધી રહ્યો છે, તેમ આ વર્ષના સ્વતંત્રતા દિવસની ઉજવણીની થીમ "નવું ભારત" છે. આ ઉજવણીઓ સમૃદ્ધ, સુરક્ષિત અને સશક્ત નવા ભારત માટે નવી ઉર્જાનો સંચાર કરવા માટે એક પ્લેટફોર્મ તરીકે કામ કરશે જેથી તેનો વિકાસ અને વિકાસ ચાલુ રહે.લાલ કિલ્લા પર તેમના આગમન પર, સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ, સંરક્ષણ રાજ્ય મંત્રી સંજય સેઠ અને સંરક્ષણ સચિવ રાજેશ કુમાર સિંહ દ્વારા પ્રધાનમંત્રીનું સ્વાગત કરવામાં આવશે. સંરક્ષણ સચિવ પ્રધાનમંત્રીનો પરિચય લેફ્ટનન્ટ જનરલ ભાવનાશ કુમાર, જનરલ ઓફિસર કમાન્ડિંગ, દિલ્હી ક્ષેત્ર સાથે કરાવશે. ત્યારબાદ,જીઓસી, દિલ્હી ક્ષેત્ર નરેન્દ્ર મોદીને સલામી મંચ પર લઈ જશે જ્યાં આંતર-સેવાઓ અને દિલ્હી પોલીસ ગાર્ડની સંયુક્ત ટુકડી પ્રધાનમંત્રીને સલામી આપશે. ત્યારબાદ, પ્રધાનમંત્રી ગાર્ડ ઓફ ઓનરનું નિરીક્ષણ કરશે.વડાપ્રધાનના ગાર્ડ ઓફ ઓનર સ્ક્વોડમાં ૯૬ સૈનિકો (એક અધિકારી અને ૨૪ સૈનિકો આર્મી, નેવી, એરફોર્સ અને દિલ્હી પોલીસમાંથી) હશે. ભારતીય વાયુસેના આ વર્ષે સ્વતંત્રતા દિવસની ઉજવણીનું સંકલન કરી રહી છે. ગાર્ડ ઓફ ઓનરનું નેતૃત્વ વિંગ કમાન્ડર એ.એસ. સેખોન કરશે. પ્રધાનમંત્રીના ગાર્ડમાં સેનાની ટુકડીનું નેતૃત્વ મેજર અર્જુન સિંહ કરશે, નેવી સ્ક્વોડનું નેતૃત્વ લેફ્ટનન્ટ કમાન્ડર કોમલદીપ સિંહ કરશે અને વાયુસેનાની ટુકડીનું સંચાલન સ્ક્વોડ્રન લીડર રાજન અરોરા કરશે. દિલ્હી પોલીસની ટુકડીનું નેતૃત્વ એડિશનલ ડીસીપી રોહિત રાજબીર સિંહ કરશે. ગાર્ડ ઓફ ઓનરનું નિરીક્ષણ કર્યા પછી, પ્રધાનમંત્રી લાલ કિલ્લાના પ્રાચીર તરફ જશે જ્યાં સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ, સંરક્ષણ રાજ્ય મંત્રી સંજય સેઠ, સંરક્ષણ વડા જનરલ અનિલ ચૌહાણ, સેના પ્રમુખ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદી, નૌકાદળના વડા એડમિરલ દિનેશ કે ત્રિપાઠી અને વાયુસેનાના વડા એર ચીફ માર્શલ એપી સિંહ તેમનું સ્વાગત કરશે. દિલ્હી ક્ષેત્રના જનરલ ઓફિસર કમાન્ડિંગ (જીઓસી) પ્રધાનમંત્રીને રાષ્ટ્રધ્વજ ફરકાવવા માટે પ્રાચીર પરના મંચ પર લઈ જશે. ફ્લાઈંગ ઓફિસર રાશિકા શર્મા રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં પ્રધાનમંત્રીને મદદ કરશે. ઔપચારિક સમારોહ ૧૭૨૧ ફિલ્ડ બેટરી (સેરેમોનિયલ) ના બહાદુર તોપચાપ દ્વારા ૨૧ તોપોની સલામી સાથે યોજાશે. સ્વદેશી ૧૦૫ મીમી લાઈટ ફિલ્ડ ગનનો ઉપયોગ કરતી સેરેમોનિયલ બેટરીનું નેતૃત્વ મેજર પવન સિંહ શેખાવત કરશે અને ગન પોઝિશન ઓફિસર નાયબ સુબેદાર (ગનરીમાં સહાયક પ્રશિક્ષક) અનુતોષ સરકાર કરશે. પ્રધાનમંત્રી ધ્વજવંદન પછી રાષ્ટ્રીય સલામી આપશે.

## સ્વતંત્રતા દિવસ પર નેપાળ અને પાકિસ્તાનની સરહદ પર સુરક્ષા વધી, સૈનિકો એલર્ટ



### લોકલ ઈન્ટેલિજન્સ યુનિટ્સને પણ સક્રિય કરવામાં આવ્યા

૧૫મી ઓગસ્ટ સ્વતંત્રતા દિવસના અવસર પર ભારત-નેપાળ આંતરરાષ્ટ્રીય સરહદ અને ભારત-પાકિસ્તાન બોર્ડર પર કડક સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે. મહારાજગંજ જિલ્લામાં ભારત-નેપાળ સરહદ પર પોલીસ અને સશસ્ત્ર સીમા બાલના જવાનો સંપૂર્ણ એલર્ટ મોડમાં છે. નેપાળથી ભારતમાં પ્રવેશતા તમામ લોકોની સઘન તપાસ કરવામાં આવી રહી છે. સુરક્ષા દળોએ ડ્રોન કેમેરા દ્વારા પણ દેખરેખ વધારી દીધી છે.પોલીસ અધિક્ષક સોમેન્દ્ર મીણાના જણાવ્યા અનુસાર, ૧૫ ઓગસ્ટને ધ્યાનમાં રાખીને, સરહદી વિસ્તારોમાં સંયુક્ત પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું છે અને હોટલ, ધર્મશાળાઓ અને ઢાબાઓનું પણ નિયમિત ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. આ ઉપરાંત, લોકલ ઈન્ટેલિજન્સ યુનિટ્સને પણ સક્રિય કરવામાં આવ્યા છે અને ગેરકાયદે હિલચાલ પર નજર રાખવા માટે ભારત-નેપાળ ફૂટપાથ પર સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા છે. શાંતિ સમિતિ અને ગ્રામ સુરક્ષા સમિતિની બેઠકમાં તમામ જવાબદાર પોલીસકર્મીઓને જરૂરી માર્ગદર્શિકા પણ આપવામાં આવી છે. સ્વતંત્રતા દિવસ પર ડ્રોન કેમેરાથી સંવેદનશીલ વિસ્તારો પર નજર રાખવામાં આવશે.તે જ સમયે, ૧૫ ઓગસ્ટ પહેલા ભારત-પાકિસ્તાન સરહદ પર સુરક્ષા દળોને પણ એલર્ટ પર રાખવામાં આવ્યા છે. પાકિસ્તાનમાં કેટલાક લોન્ચિંગ પેડ્સ પર આતંકવાદીઓ ભારતીય વિસ્તારમાં ઘૂસણખોરી કરવા તૈયાર છે. આ ખતરાનો સામનો કરવા માટે ભારતીય સેનાના જવાનો આધુનિક સાધનો સાથે સરહદ પર સંપૂર્ણ રીતે તૈનાત છે. સરહદ પારથી થતી કોઈપણ ગતિવિધિનો સામનો કરવા માટે સૈનિકો સંપૂર્ણ એલર્ટ પર છે.



### નેપાળથી ભારતમાં પ્રવેશતા તમામ લોકોની સઘન તપાસ કરવામાં આવી રહી છે

છેલ્લા ઘણા દિવસોથી રાજૌરી અને પૂંચ વિસ્તારમાં સરહદ પર જવાનોની તકેદારી વધારી દેવામાં આવી છે. આ સુરક્ષા પગલાં એ સુનિશ્ચિત કરવા માટે છે કે સ્વતંત્રતા દિવસના અવસર પર કોઈ ઘૂસણખોરી કે ગડબડ ન થાય. સેનાએ સરહદ પારથી કોઈપણ કાર્યવાહીનો જવાબ આપવાની તૈયારીઓ પૂર્ણ કરી લીધી છે. રાજૌરી હોય કે પુંછ વિસ્તાર, છેલ્લા ઘણા દિવસોથી સરહદ પર સુરક્ષા સઘન છે. આ ઉપરાંત, લોકલ ઈન્ટેલિજન્સ યુનિટ્સને પણ સક્રિય કરવામાં આવ્યા છે અને ગેરકાયદે હિલચાલ પર નજર રાખવા માટે ભારત-નેપાળ ફૂટપાથ પર સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા છે. શાંતિ સમિતિ અને ગ્રામ સુરક્ષા સમિતિની બેઠકમાં તમામ જવાબદાર પોલીસકર્મીઓને જરૂરી માર્ગદર્શિકા પણ આપવામાં આવી છે.

## દિલ્હીના લાલ કિલ્લો છાવણીમાં પરિવર્તિત : સ્વતંત્રતા દિવસ પર સુરક્ષા સઘન





દિલ્હી પોલીસ આ વખતે સ્વતંત્રતા દિવસ પર વિશેષ તકેદારી રાખી રહી છે. સ્વતંત્રતા દિવસની ઉજવણી દરમિયાન લાલ કિલ્લા નજીક આકાશમાં ડ્રોન કે અન્ય કોઈ શંકાસ્પદ વસ્તુ દેખાય અને પોલીસ તેને નીચે લાવી શકતી ન હોય તો ત્યાં હાજર વીવીઆઈપીને સલામત સ્થળે લઈ જવા પડશે. આ માટે પોલીસ અગાઉથી સ્થળની ઓળખ કરશે. મંગળવારે ઉચ્ચ પોલીસ અધિકારીઓ સાથેની બેઠકમાં પોલીસ કમિશનર સંજય અરોરાએ કડક સૂચના આપી છે કે સલામત સ્થળની પસંદગી આયોજનબદ્ધ રીતે કરવામાં આવે. આ માટે રિહર્સલ પણ અગાઉથી કરાવવું જોઈએ.વાસ્તવમાં, પોલીસને એવા ઈનપુટ્સ છે કે આ વખતે શીખ ફોર જસ્ટિસ સહિત અન્ય આતંકવાદી જૂથો સ્વતંત્રતાની ઉજવણીમાં ખલેલ પહોંચાડવાનો પ્રયાસ કરશે. આના સંદર્ભે, મંગળવારે સીપીએ પોલીસ હેડક્વાર્ટરમાં મદદનીશ પોલીસ કમિશનર (એસીપી) અને તેમનાથી વરિષ્ઠ તમામ પોલીસ અધિકારીઓની બેઠક બોલાવી હતી. જેમાં પોલીસ કમિશ્નરે કહ્યું છે કે જો કોઈ સૈનિક સ્વતંત્રતા દિવસની ઉજવણી દરમિયાન આતંકવાદી કે તોફાની તત્વોને જુએ તો તે પહેલા કયા અધિકારીને જાણ કરશે. એ આતંકવાદીને મારવાનો નિર્ણય કોણ લેશે? આવી સ્થિતિમાં, અગાઉથી ખાતરી કરવી જરૂરી છે કે આતંકવાદીને મારવાનો નિર્ણય સેક્ટર ઓફિસર લેશે કે અન્ય કોઈ. આતંકવાદીને જોનાર સૈનિક અન્ય અધિકારીઓ અને તેના સેક્ટર ઓફિસરને કેવી રીતે જાણ કરશે? તેણે તેનું રિહર્સલ કરવાનો આદેશ આપ્યો છે.પોલીસ કમિશનરે તાબાના અધિકારીઓને કહ્યું છે કે અમેરિકાના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ પર થયેલા હુમલાને સ્વતંત્રતા દિવસની ઉજવણી દરમિયાન ધ્યાનમાં રાખવાની રહેશે. કદાચ તે સ્નેપરનો શિકાર ન બને.

# સ્વતંત્રતા દિવસ પર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ભાષણમાં પાંચ બાબતો પર ભાર મુકાશે

વડાપ્રધાન નરેન્દ્ર મોદી શુક્રવારે ૭૯મા સ્વતંત્રતા દિવસ નિમિત્તે લાલ કિલ્લાની પ્રાચીરથી રાષ્ટ્રને સંબોધિત કરશે. આ ૧૨મો પ્રસંગ હશે જ્યારે પીએમ મોદી લાલ કિલ્લા પરથી રાષ્ટ્રને સંબોધિત કરશે. એવી અપેક્ષા છે કે તેઓ તેમના ભાષણમાં દેશ માટે ઘણી જાહેરાતો કરશે. અગાઉ, ૨૦૨૪ના સ્વતંત્રતા દિવસના પોતાના ભાષણમાં, પીએમ મોદીએ મેડિકલ કોલેજોમાં બેઠકો વધારવા, ૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવા, ૨૦૩૬ ઓલિમ્પિક રમતોનું આયોજન કરવાનો દાવો કરવા અને ૬જી ફોન સેવાઓ શરૂ કરવા જેવી જાહેરાતો કરી હતી. પીએમ મોદીએ ૧ ઓગસ્ટના રોજ ટ્વિટ કર્યું હતું અને લોકો પાસેથી તેમના ભાષણ માટે સૂચનો માંગ્યા હતા. તેમણે કહ્યું હતું કે તેઓ તેમના ભાષણમાં લોકોના સૂચનોનો સમાવેશ કરશે. ચાલો જોઈએ કે આ વખતે લાલ કિલ્લાની પ્રાચીર પરથી પીએમ મોદી કઈ જાહેરાતો કરી શકે છે. ભારતે આ વર્ષે મે મહિનામાં જાપાનને પાછળ છોડીને વિશ્વની ચોથી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની હતી. હવે ભારત વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવાની કોશિશ કરી રહ્યું છે. જર્મની હાલમાં ચોથી સૌથી મોટી અર્થવ્યવસ્થા છે. ભારત આગામી બે-ત્રણ વર્ષમાં જર્મનીને પાછળ છોડી દેવાનો પ્રયાસ કરી રહ્યું છે. ૨૦૧૫માં દેશની અર્થવ્યવસ્થા ૨.૧ ટ્રિલિયન ડોલર હતી. ૨૦૨૫માં તે વધીને ૪.૩ ટ્રિલિયન ડોલર થઈ ગઈ છે. આનો અર્થ એ થયો કે અર્થતંત્રનું કદ લગભગ બે ગણું વધી ગયું છે. નિષ્ણાતો કહે છે કે જો વૃદ્ધિ આ ગતિએ ચાલુ રહેશે, તો ૨૦૨૮માં અર્થતંત્રનું કદ ૫.૫ ટ્રિલિયન ડોલર થઈ જશે. આ પછી, ભારત જર્મનીને પાછળ છોડીને વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનશે. આઈએમએફએ આશા વ્યક્ત કરી છે કે જર્મનીનું અર્થતંત્ર ૨૦૨૫ માં શૂન્ય દરે વૃદ્ધિ પામશે. ૨૦૨૬ માં તે ૦.૯ ટકા રહી શકે છે. આને ધ્યાનમાં રાખીને, ભારત ત્રીજા ક્રમનું સૌથી મોટું અર્થતંત્ર બનવાની શક્યતા ખૂબ વધારે છે. એવી અપેક્ષા છે કે વડા પ્રધાન નરેન્દ્ર મોદી લાલ કિલ્લા પરથી આ લક્ષ્ય પ્રાપ્ત કરવા માટે બ્લુપ્રિન્ટ રજૂ કરશે. અમેરિકા લાંબા સમયથી ભારતને તેના કૃષિ ક્ષેત્રને ખોલવાની માંગ કરી રહ્યું છે. આ માટે, તે અનેક પ્રકારના દબાણ લાવી રહ્યું છે. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ભારતીય ઉત્પાદનો પર લાદવામાં આવેલ ૫૦ ટકા ટેરિફ પણ આ દિશામાં લેવાયેલ પગલું છે. પરંતુ ભારતે એમ પણ કહ્યું છે કે તે તેના ખેડૂતોને બચાવવા માટે કોઈપણ હદ સુધી જઈ શકે છે. પીએમ મોદીએ સંસદમાં કહ્યું હતું કે જો તેમને તેમના અંગત સંબંધોની કિંમત ચૂકવવી પડે તો પણ તેઓ તેમના ખેડૂતો અને પશુપાલકોને નુકસાન થવા દેશે નહીં. ટ્રમ્પના ટેરિફ યુદ્ધ અને ભારતના કૃષિ ક્ષેત્ર પર તેમની નજરને જોતા, એવી અપેક્ષા છે કે પીએમ મોદી આ દિશામાં જાહેરાત કરશે.





### અનેક પુલ વહી ગયા, ૩૨૫ માર્ગો બંધ । વહીવટીતંત્રે પરિસ્થિતિનો તાગ મેળવવા માટે ટીમો મોકલી

# જમ્મુ અને કાશ્મીર : કિશ્તવાડમાં વાદળ ફાટવાથી ૨૦ લોકોના મૃતદેહ મળી આવ્યા

### કિશ્તવાડના ડેપ્યુટી કમિશનર પંકજ કુમાર શર્માએ જણાવ્યું હતું કે માચૈલ માતા યાત્રાના પ્રારંભિક બિંદુ એવા ચાશોટી વિસ્તારમાં અચાનક પૂર આવ્યું હતું । બચાવ કામગીરી શરૂ કરવામાં આવી

। જમ્મુ, તા.૧૪ ।

જમ્મુ કાશ્મીરના કિશ્તવાડ જિલ્લાના ચિશોટી ગામમાં વાદળ ફાટવાની ઘટના નોંધાઈ છે, જેમાં જાનમાલનું નુકસાન થવાની સંભાવના છે. આ ઘટના માશેલ માતા યાત્રાના રૂટ પર સ્થિત પાદર સબડિવિઝનમાં બની હતી. બચાવ કામગીરી ચાલુ છે. વહીવટીતંત્રે પરિસ્થિતિનો તાગ મેળવવા માટે ટીમો મોકલી છે. ૨૦ મૃતદેહો મળી આવ્યા છે. માહિતી અનુસાર, વાદળ ફાટવાની ઘટના પછી, ચિશોટી ગામમાં અચાનક પૂર આવ્યું હતું, જેના કારણે ઘણા ઘરોને નુકસાન થયું હતું. હજુ સુધી કોઈ સત્તાવાર પુષ્ટિ મળી નથી, પરંતુ જાનમાલનું નુકસાન થવાની સંભાવના છે.જિલ્લા વહીવટીતંત્ર અને એનડીઆરએફ ટીમો બચાવ કાર્યમાં રોકાયેલી છે. લાકડાના પુલ અને પીએમજીએસવાય પુલ બંનેને નુકસાન થયું છે. કિશ્તવાડના ડેપ્યુટી કમિશનર પંકજ કુમાર શર્માએ જણાવ્યું હતું કે માચૈલ માતા યાત્રાના પ્રારંભિક બિંદુ એવા ચાશોટી વિસ્તારમાં અચાનક પૂર આવ્યું હતું. બચાવ કામગીરી શરૂ કરવામાં આવી છે. પરિસ્થિતિ પર નજર રાખવામાં આવી રહી છે.વિરોધ પક્ષના નેતા સુનીલ કુમાર શર્મા અને સ્થાનિક ધારાસભ્યએ સ્થળની મુલાકાત લીધી છે અને રાહત કામગીરીનું નિરીક્ષણ કરી રહ્યા છે.તેમણે કિશ્તવાડના ડેપ્યુટી કમિશનર પંકજ કુમાર શર્મા સાથે વાત કરી છે. ચોસીટી વિસ્તારમાં ભારે વાદળ ફાટ્યો છે, જેના કારણે મોટી જાનહાનિ થઈ શકે છે. વહીવટીતંત્ર તાત્કાલિક કાર્યવાહીમાં લાગી ગયું છે, બચાવ ટીમો ઘટનાસ્થળે રવાના થઈ ગઈ છે. નુકસાનનું મૂલ્યાંકન કરવામાં આવી રહ્યું છે અને જરૂરી બચાવ અને તબીબી વ્યવસ્થા ગોઠવવામાં આવી રહી છે.જમ્મુ અને કાશ્મીરના લેફટનન્ટ ગવર્નર ઓફિસે ટ્વીટ કર્યું છે કે "ચોસીટી કિશ્તવાડમાં વાદળ ફાટવાની ઘટનાથી હું દુઃખી છું. શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે સંવેદના અને ઘાયલોના ઝડપી સ્વસ્થ થવા માટે પ્રાર્થના કરું છું. સિવિલ, પોલીસ, સેના,એનડીઆરએફ અને એસડીઆરએફ અધિકારીઓને બચાવ અને રાહત કામગીરીને મજબૂત બનાવવા અને અસરગ્રસ્તોને શક્ય તમામ સહાય પૂરી પડવા નિર્દેશ આપવામાં આવ્યો છે."

જમ્મુ અને કાશ્મીરના કિશ્તવાડ જિલ્લાના ચિશૌતી ગામમાં વાદળ ફાટવાથી ભારે વિનાશ થયો છે, જ્યાં લગભગ ૨૦ લોકોને બચાવી લેવામાં આવ્યા છે, જ્યારે ઘણા ગુમ છે અને નુકસાનનું સંપૂર્ણ મૂલ્યાંકન હજુ સુધી કરવામાં આવ્યું નથી. પશુધનને પણ ભારે નુકસાન થયું છે અને ઘટના સ્થળ કિશ્તવાડ મુખ્યાલયથી લગભગ ૮૦-૯૦ કિમી દૂર છે. માચૈલ માતા યાત્રા હાલ માટે મુલતવી રાખવામાં આવી છે અને એમ્બ્યુલન્સ અને બચાવ વાહનો સતત ઘટનાસ્થળે મોકલવામાં આવી રહ્યા છે.

કેન્દ્રીય મંત્રી ડૉ. જીતેન્દ્ર સિંહે સોશિયલ મીડિયા પર આ અંગે એક પોસ્ટ શેર કરી છે. તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર લખ્યું છે - હમણાં જ, અમને જમ્મુ અને કાશ્મીરના વિરોધ પક્ષના નેતા અને સ્થાનિક ધારાસભ્ય સુનિલ કુમાર શર્મા તરફથી માહિતી મળી છે કે પાડેરના ચાસોટી વિસ્તારમાં વાદળ ફાટ્યો છે. અમે કિશ્તવાડના ડેપ્યુટી કમિશનર શ્રી પંકજ કુમાર શર્મા સાથે વાત કરી.

અધિકારીઓએ જણાવ્યું હતું કે ગુરુવારે માચૈલ માતા યાત્રાના માર્ગ પર એક દૂરના ગામમાં થયેલા મોટા વાદળ ફાટવાથી ઓછામાં ઓછા ૧૨ લોકોના મોત થયા હોવાની આશંકા છે. ગામના બે પુલ, એક પરંપરાગત લાકડાનો પુલ અને બીજો પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ બનેલો પુલ, પણ સંપૂર્ણપણે નાશ પામ્યા છે વાદળ ફાટવાથી મંદિર તરફ જનારા છેલ્લા વાહન ચલાવવા યોગ્ય ગામ ચાસોટી પર અસર પડી હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે આ ઘટના પછી, મંદિરની વાર્ષિક યાત્રા મુલતવી રાખવામાં આવી છે.



### વહીવટી ટીમો ગામડે ગામડે જઈને લોકોને નદીઓ અને નાળાઓથી અંતર જાળવવા અપીલ કરી

ઘણા ગામોમાં પૂરની શક્યતાને ધ્યાનમાં રાખીને, વહીવટીતંત્ર એલર્ટ મોડ પર છે. વહીવટી ટીમો ગામડે ગામડે જઈને લોકોને નદીઓ અને નાળાઓથી અંતર જાળવવા અપીલ કરી છે. ચાર દિવસ પહેલા પણ પાડેરમાં વાદળ ફાટવાની ઘટના બની હતી. આ કારણે ભારે પ્રવાહને કારણે સજર વિસ્તારના નાળામાં પાણી આવ્યું હતું. તીવ્ર પ્રવાહને કારણે ચિનાબ નદીનું પાણીનું સ્તર પણ વધ્યું હતું.જમ્મુ અને કાશ્મીરના રાજૌરીમાં છેલ્લા બે દિવસથી ભારે વરસાદને કારણે નદીમાં પૂર છે. જિલ્લા વહીવટીતંત્રે એક ચેતવણી જારી કરીને પહાડી વિસ્તારોમાં રહેતા લોકોને સુરક્ષિત રહેવા અને નદીની નજીક ન જવાની સલાહ આપી છે. માચૈલ માતા યાત્રા, જેને શ્રી ચંડી માતા મંદિર યાત્રા તરીકે પણ ઓળખવામાં આવે છે, તે જમ્મુ અને કાશ્મીરના કિશ્તવાડ જિલ્લામાં સ્થિત એક પ્રખ્યાત ધાર્મિક અને સાહસિક યાત્રા છે. આ યાત્રા મુખ્યત્વે ઓગસ્ટ મહિનામાં થાય છે અને ભક્તો માતા ચંડીનાં દર્શન કરવા માટે ૩૦ કિલોમીટર પગપાળા પ્રવાસ કરે છે.



### હિમાચલમાં પૂરની સ્થિતિ સર્જાઈ અને સમગ્ર રાજ્યમાં તબાહી મચી ગઈ

પૂર્વોત્તર રાજ્યોમાં, ખાસ કરીને હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં, છેલ્લા કેટલાક વર્ષોમાં ચોમાસા દરમિયાન વાદળ ફાટવાની ઘટનાઓમાં ઝડપથી વધારો થયો છે. બુધવારે સાંજે કુલ્લુમાં બે અલગ-અલગ સ્થળોએ વાદળ ફાટવાની ઘટનાઓ નોંધાઈ હતી. જેના કારણે હિમાચલમાં પૂરની સ્થિતિ સર્જાઈ અને સમગ્ર રાજ્યમાં તબાહી મચી ગઈ હતી. વાદળ ફાટવાના કારણે બે રાષ્ટ્રીય ધોરીમાર્ગ સહિત રાજ્યના ૩૨૫ રસ્તાઓ બંધ કરવા પડ્યા હતા.સતત વરસાદના કારણે હિમાચલ પ્રદેશને પણ આર્થિક નુકસાન થયું છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, ૨૦ જૂનથી શરૂ થયેલા વરસાદમાં અત્યાર સુધીમાં ૨૦૩૧ કરોડ રૂપિયાનું નુકસાન થઈ ચુક્યુ છે. આર્થિક સિવાય જાનમાલનું પણ ભારે નુકસાન થયું છે. આ સિઝનમાં વરસાદ સાથે જોડાયેલા કેસમાં અત્યાર સુધી ૧૨૬ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે. વળી, ૩૬ લોકો ગુમ છે. મળતી માહિતી મુજબ, કુલ્લુમાં બે જગ્યાએ નિરમંડ ઉપમંડળની શ્રીખંડ પહાડી અને બંજાર ઉપમંડળની તીર્થન ખીણની બાથાધ પહાડી પર બુધવારે સાંજે વાદળ ફાટવાની ઘટના બની હતી. શ્રીખંડ પહાડીમાં વાદળ ફાટવાના કારણે કુરપન રાવીમાં પૂર આવી ગયું અને તંત્રએ બાગીપુલ બજારને તુરંત ખાલી કરાવી દીધી હતું. બુધવારે રાત્રે શિમલાના રામપુર વિસ્તારના નંટીમાં પણ વાદળ ફાટવાની ઘટના બની હતી, જેમાં પુલ ધરાશાયી થઈ ગયો હતો. તીર્થન નદી કિનારે બનેલા અમુક કૉટેજને નુકસાન પહોંચ્યું છે અને અમુક વાહનો પણ પાણીમાં વહી ગયા.

### આતંકવાદી તહવ્વુર રાણાને તેના ભાઈ સાથે વાત કરવાની પરવાનગી મળી

। નવીદિલ્હી, તા.૧૪ ।

કોર્ટે ૨૬/૧૧ મુંબઈ આતંકવાદી હુમલા સંબંધિત કેસમાં મોટો નિર્ણય આપ્યો છે. મુંબઈ આતંકવાદી હુમલામાં સામેલ આતંકવાદી તહવ્વુર રાણાને તેના ભાઈ સાથે વાત કરવાની મંજૂરી આપવામાં આવી છે. દિલ્હી સ્થિત એનઆઈએની વિશેષ કોર્ટમાં સુનાવણી બાદ આ નિર્ણય આપવામાં આવ્યો છે. પાકિસ્તાની મૂળના આતંકવાદી તહવ્વુર રાણાને તેના ભાઈ સાથે વાત કરવાની પરવાનગી આપવામાં આવી છે. પટિયાલા હાઉસ કોર્ટે તહવ્વુર રાણાને આ મહિને ૩ વખત તેના ભાઈ સાથે ફોન પર વાત કરવાની મંજૂરી આપી છે. મળતી માહિતી મુજબ, તહવ્વુર રાણાને ખાનગી વકીલની નિમણૂક અંગે ચર્ચા કરવા માટે તેના ભાઈ સાથે ફોન પર વાત કરવાની પરવાનગી આપવામાં આવી છે.આતંકવાદી તહવ્વુર રાણાને તેના ભાઈ સાથે ફોન પર વાત કરવાની પરવાનગી આપતી વખતે, કોર્ટે કેટલીક શરતો પણ લાદી છે. બંધ બારણે સુનાવણી દરમિયાન, કોર્ટે કહ્યું કે તહવ્વુર રાણાના ફોન કોલ્સ રેકોર્ડ કરવામાં આવશે અને જેલ અધિકારીઓની હાજરીમાં વાતચીત અંગ્રેજી અથવા હિન્દીમાં હોવી જોઈએ. તહવ્વુર હુસૈન રાણા પાકિસ્તાની મૂળનો કેનેડિયન નાગરિક છે. તે અમેરિકાના શિકાગોનો નાગરિક પણ રહી ચૂક્યો છે. રાણા ૨૬ નવેમ્બર ૨૦૦૮ ના રોજ મુંબઈ હુમલાના મુખ્ય કાવતરાખોરોમાંના એક ડેવિડ કોલમેન હેડલીના નજીકના હતા.

### હું ખૂબ જ ડરી ગઈ હતી', ભાગ્યશ્રીએ ખુલાસો કર્યો; વાસ્તવિક જીવનમાં ગેંગસ્ટર સાથે કામ કર્યું

। મુંબઇ, તા.૧૪ ।

ભાગ્યશ્રીએ ખુલાસો કર્યો કે તેણીએ એક વખત એક વાસ્તવિક ગેંગસ્ટર સાથે કામ કર્યું હતું જેના પર ૨૦ થી વધુ હત્યાઓનો આરોપ હતો. આ અનુભવ તેની એક તેલુગુ ફિલ્મ દરમિયાન થયો હતો. તે દરમિયાન તે ખૂબ જ ડરી ગઈ હતી.દૂરદર્શન સહ્યાદ્રીને આપેલા ઈન્ટરવ્યુમાં, ભાગ્યશ્રીએ જણાવ્યું હતું કે તે શરૂઆતમાં તે ગેંગસ્ટર સાથે કામ કરવામાં ખૂબ જ ડરતી હતી. ફિલ્મની વાર્તા ગુનેગારોના અંગત જીવન પર આધારિત હતી અને સરકારની પરવાનગીથી, તે ગેંગસ્ટરને શૂટિંગ માટે જેલમાંથી લાવવામાં આવ્યો હતો. ભાગ્યશ્રીએ તેમાં એક પત્રકારની ભૂમિકા ભજવી હતી, જે બતાવવા માંગતી હતી કે વ્યક્તિ જન્મથી ગુનેગાર નથી, પરંતુ સંજોગો તેને ગુનેગાર બનાવે છે.ભાગ્યશ્રીએ જણાવ્યું કે જ્યારે તેને સેટ પર ગેંગસ્ટરના આગમનના સમાચાર મળ્યા ત્યારે તે ડરી ગઈ. ગેંગસ્ટરે ભગવા કપડાં અને ગળામાં ઘણી સાંકળો પહેરી હતી અને તેની સાથે ૧૦-૧૨ બોડીગાર્ડ હતા. જ્યારે તેણે ભાગ્યશ્રીને કહ્યું, "મને તું ખૂબ ગમે છે" ત્યારે તે વધુ ડરી ગઈ. પરંતુ પાછળથી, જ્યારે ગેંગસ્ટરે તેને કહ્યું કે તેની બહેન ભાગ્યશ્રી જેવી દેખાય છે, ત્યારે તેને રાહત થઈ.

### આતંકી પ્રવૃત્તિ રોકવાનું આપ્યું કારણ

# રશિયાનું એક મોટું પગલું । બુધવારે મેસેજિંગ એપ્સ,વોટ્સએપ-ટેલિગ્રામ કોલ પર રોક લગાવી

### એપ્સ હવે મુખ્ય વોઈસ સર્વિસ બની ગઈ છે, જેનો ઉપયોગ છેતરપિંડી, પૈસા પડાવવા અને રશિયાના નાગરિકોને આતંકવાદી પ્રવૃત્તિઓમાં સામેલ કરવા માટે થઈ રહ્યો છે

। મુંબઈ, તા.૧૪ ।

રશિયાએ બુધવારે મેસેજિંગ એપ્સ, વોટ્સએપ અને ટેલિગ્રામ પર કૉલિંગને લઈને નવા પ્રતિબંધોની જાહેરાત કરી છે. રશિયાના સરકારી મીડિયાના અહેવાલ મુજબ, આ એપ્સ હવે મુખ્ય વોઈસ સર્વિસ બની ગઈ છે, જેનો ઉપયોગ છેતરપિંડી, પૈસા પડાવવા અને રશિયાના નાગરિકોને આતંકવાદી પ્રવૃત્તિઓમાં સામેલ કરવા માટે થઈ રહ્યો છે. આથી આ પગલું અપરાધ અને છેતરપિંડીને રોકવા માટે લેવામાં આવ્યું છે.રશિયન સુરક્ષા એજન્સીઓ દાવો કરી રહી છે કે યુક્રેન ટેલિગ્રામ મેસેજિંગ એપ્લિકેશનનો ઉપયોગ કરીને રશિયામાં તોડફોડ તેમજ હુમલા જેવી પ્રવૃત્તિઓ કરવવા માટે લોકોની ભરતી કરી રહ્યું છે. આ જ કારણોસર, રશિયા ઈચ્છે છે કે આ મેસેજિંગ પ્લેટફોર્મ્સ કાયદા અમલીકરણ એજન્સીઓની માંગ પર ડેટા પૂરો પાડે છે. રશિયાનું




કહેવું છે કે આ એપ્સ માત્ર છેતરપિંડીના કેસોમાં જ નહીં, પરંતુ આતંકવાદ સંબંધિત કેસની તપાસ માટે પણ જરૂરી ડેટા ઉપલબ્ધ કરાવે. જ્યાં સુધી આ શરત પૂરી નહીં થાય, ત્યાં સુધી કૉલિંગ ફીચર પર પ્રતિબંધ ચાલુ રહેશે. રશિયાના ડિજિટલ મંત્રાલયે જણાવ્યું કે, 'વિદેશી મેસેન્જર એપ્સમાં કૉલિંગ એક્સેસ ત્યારે જ પુનઃસ્થાપિત થશે, જ્યારે તેઓ રશિયન કાયદાનું પાલન કરવાનું શરૂ કરશે.'યુક્રેન પર હુમલો કર્યા પછી, રશિયાએ પ્રેસ અને ઈન્ટરનેટ પરની સ્વતંત્રતા પર કડક નિયંત્રણો મૂક્યા છે. રશિયાએ સોશિયલ મીડિયા અને મેસેજિંગ એપ પર દેખરેખ વધારી દીધી છે. આમ કરવાનો તેમનો ઉદ્દેશ્ય સરકાર વિરુદ્ધની 'ગેરકાયદેસર' કે 'ખતરનાક' કન્ટેન્ટને રોકવાનો છે.ટેલિગ્રામએ એએફપી ને આપેલા નિવેદનમાં કહ્યું કે તે તેના પ્લેટફોર્મનો દુરુપયોગ રોકવા માટે સક્રિયપણે કામ કરે છે. જેમાં હિંસા ભડકાવવી અને છેતરપિંડી જેવા હાનિકારક કન્ટેન્ટને દૂર કરવાનો સમાવેશ થાય છે. ટેલિગ્રામનો દાવો છે કે તે દરરોજ પ્લેટફોર્મ પરથી લાખો હાનિકારક કન્ટેન્ટ હટાવે છે. જ્યારે આ મામલે વોટ્સઅપ હાલ કોઈ સત્તાવાર નિવેદન સામે આવ્યું નથી. રશિયાએ બુધવારે મેસેજિંગ એપ્સ, વોટ્સએપ અને ટેલિગ્રામ પર કૉલિંગને લઈને નવા પ્રતિબંધોની જાહેરાત કરી છે. રશિયાના સરકારી મીડિયાના અહેવાલ મુજબ, આ એપ્સ હવે મુખ્ય વોઈસ સર્વિસ બની ગઈ છે, જેનો ઉપયોગ છેતરપિંડી, પૈસા પડાવવા અને રશિયાના નાગરિકોને આતંકવાદી પ્રવૃત્તિઓમાં સામેલ કરવા માટે થઈ રહ્યો છે.

### ૬૦ કરોડની છેતરપિંડીનો કેસ દાખલ

### શિલ્પા શેટ્ટી અને તેના પતિ રાજ કુન્દ્રા મોટી મુશ્કેલીમાં ફસાયા

। નવી દિલ્હી, તા.૧૪ ।

બોલિવૂડ અભિનેત્રી શિલ્પા શેટ્ટી અને તેના પતિ રાજ કુન્દ્રાની મુશ્કેલીઓ ઓછી થતી નથી. શિલ્પા શેટ્ટી, રાજ કુન્દ્રા અને એક અજાણ્યા વ્યક્તિ સામે છેતરપિંડીનો ફરિયાદ નોંધઈ છે. આર્થિક ગુના શાખા (EOW)એ ત્રણેય સામે મુંબઈના એક ઉદ્યોગપતિ સાથે ૬૦.૪ કરોડ રૂપિયાની છેતરપિંડી કરવાનો કેસ નોંધ્યો છે. આ છેતરપિંડીનો કેસ તેમની હવે બંધ થયેલી કંપની બેસ્ટ ડીલ ટીવી પ્રાઈવેટ લિમિટેડ સાથે સંકળાયેલા લોન-કમ-રોકાણ ડીલ સાથે સંબંધિત છે.શિલ્પા શેટ્ટી અને રાજ કુન્દ્રા સામે જુહુ પોલીસ સ્ટેશનમાં IPC કલમો હેઠળ છેતરપિંડીનો કેસ નોંધવામાં આવ્યો હતો. જોકે, આ રકમ ૧૦ કરોડ રૂપિયાથી વધુ હોવાથી કેસ EOWને ટ્રાન્સફર કરવામાં આવ્યો હતો. મુંબઈના ઉદ્યોગપતિ દીપક કોઠારી દ્વારા દાખલ કરવામાં આવેલી ફરિયાદની પ્રાથમિક તપાસ બાદ ફરિયાદ નોંધવામાં આવી છે. ૬૦ વર્ષીય દીપક કોઠારી જુહુના રહેવાસી છે અને લોટસ કેપિટલ ફાઈનાન્શિયલ સર્વિસીસના ડિરેક્ટર છે.ઉદ્યોગપતિ દીપક કોઠારીએ નોંધાવેલી ફરિયાદ અનુસાર, રાજેશ આર્ય નામના વ્યક્તિએ મારો રાજ કુન્દ્રા અને શિલ્પા શેટ્ટી સાથે પરિચય કરાવ્યો હતો, જે હોમ શોપિંગ અને ઓનલાઈન રિટેલ પ્લેટફોર્મ બેસ્ટ ડીલ ટીવી પ્રાઈવેટ લિમિટેડના ડિરેક્ટર હતા. તે સમયે શિલ્પા અને રાજ કુન્દ્રા કંપનીના ૮૭.૬% શેર ધરાવતા હતા. આરોપીઓએ કથિત રીતે ૧૨% વ્યાજે ૭૫ કરોડ રૂપિયાની લોન માંગી હતી, પરંતુ બાદમાં તેમને ઊંચા કરવેરાથી બચવા માટે રોકાણ તરીકે પૈસા રોકાણ કરવા માટે સમજાવ્યા. તેને માસિક વળતર અને મૂળ રકમની પણ ખાતરી આપવામાં આવી હતી.એપ્રિલ ૨૦૧૫માં શેર સબસ્ક્રિપ્શન કરાર હેઠળ ૩૧.૯ કરોડ રૂપિયા અને સપ્ટેમ્બર ૨૦૧૫માં પૂરક કરાર હેઠળ ૨૮.૫૩ કરોડ રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા. એપ્રિલ ૨૦૧૬માં પર્સનલ ગેરંટી આપવા છતાં, શિલ્પા શેટ્ટીએ સપ્ટેમ્બર ૨૦૧૬માં ડિરેક્ટર પદેથી રાજીનામું આપ્યું હતું. દીપક કોઠારીને બાદમાં ખબર પડી કે કંપની ૨૦૧૭માં બીજા કરાર પર ડિફોલ્ટ કરવા બદલ નાદારીની કાર્યવાહીમાંથી પસાર થઈ રહી છે.

### ન્યૂઝ બ્રિફ



### એકતા સામે વેબ સિરીઝ સૈનિકોનું અપમાન કરવાનો કેસ, આરોપોમાં કોઈ ગુનાહિતતા મળી નથી,પોલીસ

। મુંબઇ, તા.૧૪ ।

સ્ટ્રીમિંગ પ્લેટફોર્મ, અલ્ટ બાલાજી પર એકતા કપૂરની વેબ સિરીઝ પર સૈનિકોનું અપમાન કરવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. આ કેસમાં, યુટ્યુબર વિકાસ પાઠક ઉર્ફે હિન્દુસ્તાની ભાઉએ એકતા કપૂર સામે કેસ દાખલ કર્યો હતો. આ કેસમાં, હવે મુંબઈ પોલીસે કોર્ટને જણાવ્યું છે કે એકતા કપૂર સામેના આરોપોમાં કોઈ ગુનાહિતતા જોવા મળી નથી.પોલીસ રિપોર્ટમાં જણાવાયું છે કે કોઈ અધિકારી કે સક્રિય સશસ્ત્ર દળના અધિકારીએ એકતા કપૂર કે ઓટીટી પ્લેટફોર્મ સામે ફરિયાદ નોંધાવી નથી, તેથી કોઈ કાનૂની કાર્યવાહી કરવામાં આવી નથી.યુટ્યુબર વિકાસ પાઠક ઉર્ફે હિન્દુસ્તાની ભાઉએ બાંદ્રા મેજિસ્ટ્રેટ કોર્ટમાં ખાનગી ફરિયાદ દાખલ કરી હતી. તેમાં કહેવામાં આવ્યું હતું કે એકતા કપૂર અને ઓટીટી પ્લેટફોર્મે વેબ સિરીઝમાં એક વાંધાજનક દ્રશ્ય ફિલ્માવ્યું છે, જેમાં ભારતીય સેનાના ગણવેશનું અપમાન કરવામાં આવ્યું છે. આ પછી જ મેજિસ્ટ્રેટે ખાર પોલીસને તપાસ કરીને રિપોર્ટ સબમિટ કરવાનો નિર્દેશ આપ્યો હતો. આ મહિનાની શરૂઆતમાં રજૂ કરાયેલા રિપોર્ટમાં કહેવામાં આવ્યું હતું કે આ મામલે મધ્યપ્રદેશમાં પણ કેસ નોંધવામાં આવ્યો છે. આવી સ્થિતિમાં, બીજે ક્યાંય નવો કેસ નોંધવાની જરૂર નથી. એકતા કપૂર ઉપરાંત, વિકાસ પાઠકે ફરિયાદમાં તેના માતાપિતા શોભા અને જિતેન્દ્ર કપૂર, ઓલ્ટ બાલાજી પ્રોડક્શનનું પણ નામ આપ્યું હતું.હિન્દુસ્તાની ભાઉએ ફરિયાદમાં ઉલ્લેખ કર્યો હતો કે એકતા કપૂર પરિવાર સ્ટ્રીમિંગ પ્લેટફોર્મના ડિરેક્ટર છે.

### હરિયાણા કોંગ્રેસે ૧૧ વર્ષ પછી જિલ્લા પ્રમુખોની જાહેરાત કરી

। ચંડીગઢ, તા.૧૩ ।

રાજ્યમાં પાર્ટી નેતાઓ વચ્ચે લાંબા સંઘર્ષ અને ચાલી રહેલા ઝઘડા વચ્ચે, કોંગ્રેસે હરિયાણાના જિલ્લાઓના ૩૨ જિલ્લા પ્રમુખોના નામ જાહેર કર્યા છે. આ નામોની જાહેરાત મંગળવારે સાંજે કોંગ્રેસના મહાસચિવ કેસી વેણુગોપાલે કરી હતી. તમને જણાવી દઈએ કે ૧૧ વર્ષ પછી કોંગ્રેસે હરિયાણામાં તેના જિલ્લા પ્રમુખોના નામ જાહેર કર્યા છે.કોંગ્રેસ જિલ્લા પ્રમુખોની યાદીમાં હુડ્ડા જૂથનું વર્ચસ્વ સ્પષ્ટપણે દેખાય છે. જોકે, પાર્ટીએ કુમારી શૈલજાને સંપૂર્ણપણે બાજુ પર રાખી નથી અને તેમના નજીકના કેટલાક નેતાઓને પણ જિલ્લા પ્રમુખ બનાવવામાં આવ્યા છે. આ યાદીમાં ફક્ત એક મહિલાને જિલ્લા પ્રમુખ તરીકે ચૂંટવામાં આવી છે.જારી કરાયેલા પક્ષના નિવેદનમાં કહેવામાં આવ્યું હતું કે કોંગ્રેસ પ્રમુખે હરિયાણાની જિલ્લા કોંગ્રેસ સમિતિઓના પ્રમુખોની નિમણૂક કરવાના પ્રસ્તાવને મંજૂરી આપી છે. આ નિમણૂકો 'સંગઠન સૃજન અભિયાન' હેઠળ કરવામાં આવી છે. તેમાં વધુમાં કહેવામાં આવ્યું છે કે આ પહેલ હેઠળ, દરેક જિલ્લામાં નિયુક્ત કરાયેલા એઆઈસીસી નિરીક્ષકોએ પાર્ટીના લોકો સાથે સમીક્ષા કરી, વાતચીત કરી અને તેમના વ્યાપક અહેવાલો રજૂ કર્યા. નિવેદનમાં કહેવામાં આવ્યું છે.

### આતંકવાદીઓએ પૂરીના જગન્નાથ મંદિરને ઉડાવી દેવાની ધમકી આપી

। પૂરી તા.૧૪ ।

ઓડિશાના પુરીમાં બુધવારે જગન્નાથ મંદિરની દિવાલો પર આતંકવાદી હુમલાની ધમકી ભર્યો મેસેજ લખેલો જોવા મળ્યો, જેના કારણે હડકંપ મચી ગયો હતો. બારમી શતાબ્દીના આ પ્રસિદ્ધ મંદિરની પાસે લખેલી આ ચેતવણી ઉડિયા અને અંગ્રેજીમાં ભાષામાં લખેલી હતી. આ ધમકીભર્યો મેસેજ મંદિરની નજીક એક અન્ય નાના મંદિરની દિવાલ પર લખેલો હતો, જે હેરિટેજ કોરિડોરની પાસે છે. આ ધમકીભર્યા મેસેજનો અર્થ એવો થાય છે કે, 'આતંકવાદી જગન્નાથ મંદિર પર હુમલો કરીને તેને નષ્ટ કરી નાંખશે.'

### ઇટાલીમાં દરિયા કિનારા પાસે એક મોટી દુર્ઘટના સર્જાઈ! ૨૬ લોકોના મોત, અનેક લાપતા

। ઇટાલી, તા.૧૪ ।

ઈટાલીના લેમ્પેડુસા ટાપુ નજીક એક મોટી દુર્ઘટના સર્જાઈ હોવાનું પ્રકાશમાં આવ્યું છે. મળતી વિગતો પ્રમાણે આશરે ૧૦૦ લોકો સ્થળાંતર કરી રહ્યાં હતા તેમની બોટ પલટી ગઈ હતી. આ અકસ્માતમાં આશરે ૨૬ લોકોનું મોત થયું હોવાનું જાણવા મળ્યું છે. આ સાથે સાથે અનેક લોકો લાપતા હોવાનું જાણવા મળ્યું છે.

ઈટાલિયન કોસ્ટ ગાર્ડ અને સંયુક્ત રાષ્ટ્ર શરણાર્થી એજન્સીએ આ ઘટના અંગે માહિતી આપી હતી.સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે કે, ૬૦ લોકોને બચાવી લેવામાં આવ્યાં છે. આ દુર્ઘટનામાં બચી ગયેલા ૬૦ લોકોને લેમ્પેડુસાના એક કેન્દ્રમાં લાવવામાં આવ્યા છે. લિબિયાથી નીકળતી વખતે હોડીમાં ૯૨ થી ૯૭ લોકો સવાર હતા. કોસ્ટ ગાર્ડે એક નિવેદનમાં જણાવ્યું હતું કે મૃત્યુઆંક ૨૬ છે, પરંતુ આ આંકડો વધી શકે તેવી સંભાવનાઓ છે. અત્યારે બચાવકાર્ય ચાલી રહ્યું છે.

આ દુર્ઘટનામાં જેટલા લોકોનો જીવ બચી ગયો છે તેમના નિવેદનો લેનામાં આવ્યાં છે. આ નિવેદનોના આધારે જાણવા મળ્યું છે કે, બે બોટમાં ૯૫ લોકો સવાર હતા અને તે લીબિયાથી નીકળ્યાં હતા. જ્યારે બેમાંથી એક બોટમાં પાણી ભરવાનું શરૂ થયું, ત્યારે બધા મુસાફરોને બીજી બોટમાં ખસેડવામાં આવ્યા જે ફાઈબરગ્લાસથી બનેલી હતી અને તે વધુ વજનને કારણે પલટી ગઈ હતી.

જેથી ૨૬ લોકોનું અકાળે મોત થયું છે.મહત્વની એ છે કે, આ પહેલી ઘટના નથી.

એસ જયશંકર આગામી સપ્તાહે રશિયા પ્રવાસે જશે | યુસેસ સાથેના ટેરિફ વોર વચ્ચે ભારતને ચીન અને રશિયા સાથે સંબંધો ગાઢ કરવાની તક પ્રાપ્ત થઈ છે

# ભારત, ચીન અને રશિયા સાથે મળીને ટ્રમ્પની દાદાગીરીને પડકારશે

। નવી દિલ્હી, તા.૧૪ ।

અમેરિકાએ ભારત પર આકરો ૫૦ ટકા ટેરિફ ઝીંક્યો છે ત્યારે ભારત માટે આગામી સપ્તાહ કુટનીતિની દૃષ્ટિએ ઘણું મહત્વનું બની રહેશે. યુસેસ સાથેના ટેરિફ વોર વચ્ચે ભારતને ચીન અને રશિયા સાથે સંબંધો ગાઢ કરવાની તક પ્રાપ્ત થઈ છે. ચીનના વિદેશ મંત્રી વાંગ યી આગામી સપ્તાહે ભારતની મુલાકાતે આવશે. જ્યારે ભારતના કેન્દ્રીય વિદેશ મંત્રી એસ જયશંકર રશિયાના પ્રવાસે જશે.આમ ભારત, ચીન અને રશિયાની નવી ધરી રચાતા વિશ્વના આ ત્રણ શક્તિશાળી દેશો નજીકના ભવિષ્યમાં સાથે મળીને ટ્રમ્પની દાદાગીરીને પડકારી શકે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ મહિનાના અંતે જાપાનના પ્રવાસે જશે અને ત્યારબાદ તે



ચીનના ટિઆનજિન ખાતે ૩૧ ઓગસ્ટ અને ૧લી સપ્ટેમ્બરે યોજાનાર શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશનની (એસસીઓ) બેઠકમાં હાજરી આપશે.ચીનના વિદેશ મંત્રી ૧૮ ઓગસ્ટે ભારતમાં રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોવાલને મળશે. વડાપ્રધાન મોદીની ચીન યાત્રાના થોડા દિવસો પૂર્વે જ વાંગની ભારત યાત્રા ઘણી સુચક છે. ગલવાન ઘર્ષણ બાદ સૌપ્રથમ વખત ચીનના ઉચ્ચ અધિકારી ભારતની મુલાકાત લેશે. દરમિયાન ૨૦ ઓગસ્ટે વિદેશ મંત્રી એસ જયશંકર મોસ્કો જશે. જયશંકર રશિયાના સમકક્ષ સર્ગેઈ લાવરોવ સાથેની બેઠકમાં રાષ્ટ્રપતિ વ્લાદિમિર પુતિનની સંભવિત ભારત યાત્રાની યોજનાને આખરી ઓપ આપવા સહિત ઓઈલ ખરીદી, યુક્રેન યુદ્ધ સહિતના મુદ્દાઓ પર વાતચીત કરશે. અમેરિકાએ ભારત પર આકરો ૫૦ ટકા ટેરિફ ઝીંક્યો છે ત્યારે ભારત માટે આગામી સપ્તાહ કુટનીતિની દૃષ્ટિએ ઘણું મહત્વનું બની રહેશે. યુસેસ સાથેના ટેરિફ વોર વચ્ચે ભારતને ચીન અને રશિયા સાથે સંબંધો ગાઢ કરવાની તક પ્રાપ્ત થઈ છે. ચીનના વિદેશ મંત્રી વાંગ યી આગામી સપ્તાહે ભારતની મુલાકાતે આવશે. જ્યારે ભારતના કેન્દ્રીય વિદેશ મંત્રી એસ જયશંકર રશિયાના પ્રવાસે જશે.આમ ભારત, ચીન અને રશિયાની નવી ધરી રચાતા વિશ્વના આ ત્રણ શક્તિશાળી દેશો નજીકના ભવિષ્યમાં સાથે મળીને ટ્રમ્પની દાદાગીરીને પડકારી શકે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ મહિનાના અંતે જાપાનના પ્રવાસે જશે અને ત્યારબાદ તે ચીનના ટિઆનજિન ખાતે ૩૧ ઓગસ્ટ અને ૧લી સપ્ટેમ્બરે યોજાનાર શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશનની (એસસીઓ) બેઠકમાં હાજરી આપશે.



































**Printer, Publisher & Owner :** Avesh K. Malaviya, **Printed** at Bhoomi Offset, Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, Ahmedabad 380002 and **Published** From G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013. **Mob.**98252 52125 **Email :** lokpatrikadaily@gmail.com **website :** www.lokpatrika.in **Editor :** Avesh K. Malaviya